Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૦૯ · તા. ૨૨ થી ૨૮ ફેબ્રુઆરી ૧૪ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14



## ધર્મસ્થાનકોમાં પવિત્રતા

ધર્મસ્થાનોમાં આપણે દૈહિક આભડછેટની જેટલી દરકાર વૈચારિક અને વાચિક પવિત્રતાની કરી હોત તો ધર્મસ્થાનોની પવિત્રતા હજુ ઔર નિખરી હોત.

છ'રિપાલક સંઘ, શ્રી સંઘ સ્વામીવાત્સલ્ય, પર્યુષણ મહાપર્વ, વિવિધ ધર્મોત્સવો, પોષ દશમીના અઠ્ઠમના પ્રસંગ મેળાઓ, ઉપધાન તપનો માળારોપણ ઉત્સવ, નવ્વાણું યાત્રા વગેરે પ્રસંગો ધર્મથી ભાવિત થવાના શ્રેષ્ઠતમ - વિશિષ્ટતમ અવસરો છે.

પરંતુ, આવા અનુમોદનીય પ્રસંગે પણ જેઓની મતિ સખણી રહેતી નથી એવા લોકો મંડપના ખૂણે ઊભા - ઊભા ગામના છોકરા - છોકરીઓના ચોકઠા ગોઠવવાની 'ચોવટ' કરતા હોય છે. વળી આઘાત એ છે કે તેઓ ધર્મી તરીકે પણ ઓળખાતા હોય છે.

જે ધર્મસ્થાનો સમગ્ર જગતને સન્માર્ગ અને સદાલંબન પૂરું પાડે છે એવા પાવનતમ ક્ષેત્રોની પરમપવિત્ર ઉર્જાથી ભરેલા પર્યાવરણને દૂષિત કરનારાઓ પ્રદૂષણ ઓકતા કારખાનેદાર જેવા ગુનેગાર ગણાવા જોઈએ.

તે તે ઉપકારી ગુરુ ભગવંતોની પુણ્યતિથિની સામૂહિક ઉજવણી હમણાં ઘણી જગ્યાએ થઈ રહી છે, જે સારી વાત છે. અલબત્ત ત્યાં ધર્મસ્થાનને અભડાવવાનું કાર્ય જો થતું હોય તો એ સત્ત્વરે બંધ કરવા જેવું છે.

કોઈ પણ ધાર્મિક પ્રસંગ સમાજનો મેળાવડો નથી... અહીં થતી કોઈ પણ ગેરપ્રવૃત્તિ ધર્મસ્થાનને પાપસ્થાનનો અખાડો બનાવી મૂકે એ કેવી રીતે શોભે ?

પ્રભુના ક્ષેત્રોની પવિત્રતા આપણી જવાબદારી છે. ભગવાનના શાસનના કોઈ પણ ક્ષેત્રમાં કે કોઈ પણ અનુષ્ઠાનમાં ગયેલા આપણે તેની ગરિમાને ઝાંખપ લાગે તેવું ક્યારેય કરીશું નહીં, પવિત્રતા આપણી ઓળખ અને આભૂષણ છે !

- **શ્રમણપ્રજ્ઞ હૃદય પરિવર્તન** (જાન્યુઆરી ૧૪) માંથી સાભાર

## માતૃભાષા દિવસે બાબાણી બોલી કચ્છી ભાષા સાથે નવેસરથી સંબધ જોડીએ

આખા વિશ્વમાં ૨૧ ફેબ્રુઆરીને માતૃભાષા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. દરેક વ્યક્તિની પોતાની માતૃભાષા તથા સંસ્કૃતિને આગવી ઓળખ સમા બની ગયેલા વૈશ્વિક માનવના અનુપમ પર્વે આપણે આપણી કચ્છી ભાષા સાથે નવેસરથી સંબંધ જોડવાનો સંકલ્પ કરવો જોઈએ.

કચ્છી બોલીનું સ્વરૂપ ઈ.સ. ૧૭૦૦ની આસપાસ ઘડાયું છે. ક્યારેય નિશાળમાં ન ભણાવાયેલ અને ક્યારેય રાજ વહિવટનું માધ્યમ ન બનેલ આ ભાષા કચ્છ પ્રદેશમાં સ્થાળાંતર કરી આવેલ, લોકોએ અહિંના રાજવીઓની વ્યવહાર ભાષા હોવાથી કચ્છીને અપનાવી.

જોકે તેમાં છેલ્લા ૩૦૦ વર્ષમાં ભરપુર ખેડાણ થયું છે અને આજે સાહિત્યના આધુનિક સ્વરૂપો માટે પણ કચ્છી અપનાવવાની કોશિશ ચાલુ છે.

**- નવીન હિરાચંદ પટેલ**

# રોગ થતા અટકાવવા તથા નિરોગી રહેવાનું સામુદાયિક મેનેજમેન્ટ - તિલકચંદ લોડાયા (ચેન્નઈ)

ભારતમાં જાડાપણા અને ડાયાબીટીઝ એવા જીવનશૈલી સાથે સંબંધિત રોગો ઝડપથી વધી રહ્યા છે અને કે.ડી.ઓ. જ્ઞાતિ પણ તેમાં અપવાદ નથી.

આ જીવન શૈલી સાથે સંબંધિત રોગોના જોખમો અને ગેરલાભો બહુ જાણીતા છે એટલે તેની વિગતોમાં ઉતરવાની જરૂર નથી. આપણા સમુદાયના મોટા ભાગના આરોગ્ય પ્રયાસો થયેલા રોગોની સારવાર પર કેન્દ્રિત થયેલા છે. જેમાં સમય અને પૈસા બન્નેનો બગાડ થાય છે.

શું આપણે રોગોને થતા અટકાવવાનો કે ગંભીર ન બન્યા હોય ત્યારે તેની સાદી અને કસકસરભરી સારવાર થાય એવું ન કરી શકીએ? આવો સ્વસ્થ અને નિરોગી રહેવાનો કાર્યક્રમ, આપણી આરોગ્ય સંબંધી સમસ્યઓમાં ઘણો ઘટાડો કરી શકે.

તંદુરસ્ત જ્ઞાતિજનો એ સમાજ અને કુંટુબ બન્ને માટે વિષેશ લાભ ગણાય, કેમકે તેવો ઘણું ખુશાલી ભર્યુ અને લાંબુ જીવન જીવે અને તેવો આરોગ્યની કાળજી અંગે થતા ખર્ચમાં ગણનાપાત્ર બચત કરી શકે. માટેજ કહયું છે ને **રોગ અટકાવવો, તેની સારવાર કર્તા વધુ સારું છે.**! બીજી કહેવત સમજાવે છે કે સમયસરનો એક ટાંકો, ભવિષ્યના નવ ટાંકાની જરૂરતમાં બચત કરે છે.

આ હેતું માટે મને લાગે છે કે સ્થાનિક મહાજનો, મહિલા મંચો અને યુથ ફોરમો નવ પ્રારંભ કર્તા અને સંકલન કર્તા બની શકે. આ સંસ્થા ઓ જાડાપણું ઘટાડવા માટે ઈચ્છુક લોકોને બેગા કરે અને તેમની નજીકના કુદરતી ઉપચાર કેન્દ્રમાં સારવાર અપાવે તો પણ ઘણો ફાયદો થઈ શકે.

વજન ઘટાડવા માટે તેમ કરનારને ઈનામ આપવાથી માંડીને તેમનું જાહેર બહુમાન કરવાનું આકર્ષણ ઊભું કરી શકાય. તેવીજ રીતે ઘટાડેલું વજન જાળવવા માટે પણ આકર્ષનો રાખી શકાય.

આ પ્રકારના કેટલાક પ્રયોગોમાં મારા સંબંધીઓ જોડાયેલા છે તેમણા અનુભવ કરતી કહીં શકું છું કે જો આવા પ્રયત્નો થાય તો ચોક્કસ સારા પરિણામો મેળવી શકાય. આમાટે ડોક્ટરો અને ડાયેટીશીયનોના કાર્યક્રમો યોજીશકાય. ચાલવા અને કસરતનું મહત્વ સમજાવતા નિષ્ણાતોના પ્રવચન રાખી શકાય.

આ સર્વ સામાન્ય રૂપરેખા છે, દરેક સંસ્થા પોતાની જરૂરત પ્રમાણે ફેરફાર કરી શકે. ચાલો આપણે તંદુરસ્તીભી વહાઁ, કે.ડી.ઓ. જહાઁ! નો નારો અપનાવીએ.


**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 09/2014**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda, Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## શ્રીમતી રશ્મિ અને હાર્દિક નાગડાની દીકરી દૃષ્ટિનું લિવર ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશન સફળ



મુળ રંગપરુના હાલે ડોંબિવલી (વેસ્ટ)માં રહેતા શ્રીમતી રશ્મિ અને હાર્દિક નાગડાની દીકરી દૃષ્ટિનું લિવર ટ્રાન્સપ્લાન્ટનું ઓપરેશન સોમવાર તા. ૧૭.૨.૧૪ના બેંગલોરની નારાયણ હૃદયાલય હોસ્પિટલમાં સફળતા પુર્વક થયું હતું. દૃષ્ટિને તેના પપ્પા હાર્દિક લીવર દાન કર્યુ છે. દૃષ્ટિનું શરીર પપ્પાના લીવરને કેટલું સ્વીકારે છે તે જોવા તેને ટ્રાન્સપ્લાન્ટ આઈ. સી.યુ. માં ૭ દિવસ અને પછી ત્રણ માસ હોસ્પિટલમાં રહેવું પડશે. લીવર દાતા હાર્દિકભાઈને પણ ૭ દિવસ હોસ્પિટલમાં જ રહેવું પડશે. દૃષ્ટિ અને હાર્દિક બંનેને ક.દ.ઓ. જૈન જ્ઞાતિ અને પ્રકાશ સમીક્ષા પરિવાર વતી જલ્દીથી સાજા થવાની શુભેચ્છા.

## શ્રી ક.દ.ઓ. મંડળ - ડોંબિવલીના પદાધિકારીઓ

શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલીના નવા ચુંટાયેલા કારોબારી સભ્યો ની પ્રથમ બૈઠકમાં નીચે પ્રમાણેના પદાધિકારીઓની નિમણુક કરવામાં આવી હતી.

**પ્રમુખ : શ્રી રાયચંદ દેવશી જીવાણી, ઉપપ્રમુખ: અજય હિરાચંદ શિયાડ, માનદ મંત્રી : હરિશ ખેતશી શિયાડ, સહ માનદ મંત્રી : વિશ્વજીત ખીમજી લોડાયા, સહમાનદ મંત્રી: કોકીલા મુકેશ શિયાડ, ખજાનચી : ચેતન લહેરચંદ નાગડા, સહ ખજાનચી : ભક્તિ જીતેન્દ્ર સાંયા.**

**ગંતાકમાં સુધારો:** પ્રકાશ સમીક્ષાના અંક ૮માં પ્રગટ થયેલ શ્રી તિલક લોડાયાના મુંબઈ મહાજન ની પુનઃરચના વિશેના લેખમાં તથા તેના અનુવાદમાં કેટલાક વિસ્તારોના નામ શરતચુકથી રહી ગયા હતા જોકે તેનાથી મુળ મુદ્દો સમજવામાં કાંઈ વાંધો આવે તેમ ન હતો.


### લગ્ન સંબંધી

**હાર્દીક હીરેન મોતા**
જન્મ તારીખ : ૧૨-૧૨-૧૯૮૪
ઉંચાઈ : ૫ ફુટ ૧૦ ઈંચ ઘઉવર્ણ
અભ્યાસ : M.B.A. (ફાયનાન્સ) ઓફીસર

**હેમાંગ હીરેન મોતા**
જન્મ તારીખ : ૧૬-૦૧-૧૯૮૬
ઉંચાઈ : ૫ ફુટ ૧૧ ઈંચ ગોરોવર્ણ
અભ્યાસ : M.C.A.

**હાલ વસવાટ : હૈદ્રાબાદ ઓડીટીંગમાં કાર્યરત છે. સારા જોબની ટ્રાય ચાલુ છે.**
**દાદાણા : લક્ષ્મીબેન ઉમરશી પીતાંબર મોતા (ઈન્દૌર)**
**માતા - પિતા : સ્વ. હીના સ્વ. હીરેન ઉમરશી મોતા**

**સંપર્ક : કિરીટ ઉમરશી મોતા, બ્લુ ડાર્ટ, હોટેલ સુર્યાની પાછળ, સાઉથ ટુકો ગંજ, ઈન્દૌર ૪૫૨૦૦૧ મો. ૯૮૨૬૦૬૫૦૮૦**


### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | ન્યુજ ગ્લેઝ કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 5000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2600/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1400/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 800/- | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 400/- | 350/- |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA ના નામે લખવા**

જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/વ્હાઈટ છે કે કલર છે, જા.ખ.ની સાઈઝ, જા.ખ.નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.




## નેહા મહેશ મોતા ને વિજ્ઞાનમાં અસાધારણ દેખાવો બદલ ધીરુભાઈ અંબાણી ફાઉન્ડેશન સ્કોલરશિપ

**નેહા મહેશ મોતા** (કુવાપધર - જલગામ)ને ધોરણ ૧૨ વિજ્ઞાનમાં અસાધારણ પ્રતિભા દાખવવા માટે ધીરુભાઈ અંબાણી ફાઉન્ડેશન સ્કોલરશિપ તા. ૨૨.૦૧.૧૪ના બુધવારે એન.સીપીએ નરિમન પોઈન્ટ ખાતે યોજાયેલ વિશેષ કાર્યક્રમમાં શ્રીમતી નિતા મુકેશ અંબાનીના હસ્તે પ્રદાન થઈ હતી. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ અને પ્રકાશ સમીક્ષા સમિતિ વતી હાર્દિક અભિનંદન....

શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

શુભેચ્છાઓ સહ...
**સાંઘવ રત્ન**
**શ્રી મુલજી રાઘવજી લોડાયા**
**MRC Group of Companies**

## હાર્દિક શુભકામના...







**સંઘમાતા શ્રીમતી અ.સૌ. ભારતીબેન ભાગચંદભાઈ દામજીભાઈ ઘરમશી કોઠારાતીર્થ (મુલુંન્ડ)**

**સંઘવીશ્રી ભાગચંદભાઈ દામજીભાઈ કાનજીભાઈ ઘરમશી કોઠારાતીર્થ (મુલુંન્ડ)**

**સાધર્મિક ભક્તિ એજ જૈન ધર્મનો સાર છે.**
**તો જ સાચો સંસાર છે.**

લબ્ધિકુમાર ભવાનજી મોમાયા - ગાંધીધામ, ભદ્રિક પુનશી મૈશેરી - ગાંધીધામ
પ્રબોધ હીરાચંદ મુનવર - ભુજ, અરવિંદ લાલજી લોડાયા - ગાંધીધામ,
ચેતન લીલાધર ખોના - દેઢીઆ તીર્થ, નીલેશ ખુશાલ મૈશેરી - માંડવી આશ્રમ
ચંદ્રકાંત હીરાચંદ મુનવર - ભુજ, મહેશ ખીમજી નાગડા - નલીયા

શુભેચ્છાસહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

શુભેચ્છા સહ...
શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)
**UK KHMJI & CO.**
144, Vasant Market yard, 4th Lane, Sangli
MH - 416 416 Tel.: 2670910 / 2322057

# ગદગમાં નવીનીકરણ થયેલ અતિથિગૃહનું ઉદઘાટન





દેરાસર શતાબ્દી મહોત્સવના ભાગ રૂપે રવિવાર તા. ૨.૨.૧૪ના શ્રી પાર્શ્વનાથ કે.ડી.ઓ. હોલની ઉપર નવીનીકરણ થયેલા અતિથીગૃહના ૯ રૂમો તથા ૨ ડોરમેટરીનું સ્નાત્રપુજા તથા વાસ્તુક પૂજા ભણાવી મહાજનશ્રીના પ્રમુખશ્રીના શુભ હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. સ્નાત્રપુજા તથા વાસ્તુક પુજા સ્નાત્રમંડળની બહેનો દ્વારા સાજ સંગીત સાથે ભણાવાઈ હતી.

અતિથિગૃહના રૂમોના નવીનીકરણની જવાબદારી સ્વીકારીને પૂર્ણ ખંત અને જહેતમથી પાર પાડીને રૂમો તૈયાર કરી આપનાર શ્રી રવિન્દ્ર કુંવરજી લોડાયા તથા શ્રી વિપુલ નરેન્દ્ર લુઠીયાનું મહાજનશ્રીના પ્રમુખ શ્રી નવીનચંદ શામજી લાલકા તથા ઉપપ્રમુખ શ્રી હરીશ શિવલાલ

મુનાવારે

પુષ્પગુચ્છ આપી સન્માન કર્યું હતું તથા એ બંને ભાઈઓની અમૂલ્ય સેવા બિરદાવી હતી. આ પ્રસંગે પ્રમુખશ્રીએ સ્નાત્રમંડળનો તથા પૂજામાં સહયોગ આપનાર શ્રી વિજય સુંદરજી ગોસરનો આભાર માન્યો હતો.

કાર્યક્રમ સંપન્ન થયા બાદ સકળ સંઘ માટે સ્વામી વાત્સલ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. કેટરીંગ સમિતિ (શ્રીમતી મુલકુમારી કુમારપાળ લાલકા તથા એમના સહયોગીઓ) એ ભોજનની વ્યવસ્થા સંભાળી હતી.


લગનના ૪૧ વર્ષ

ચોથા ફેરાના ચાર દાયકા

## પ્રસન્ન દાંપત્ય જીવનની ૪૧ મી વર્ષગાંઠ પ્રસંગે

તા. ૨૩-૨-૧૯૭૩ - તા. ૨૩-૨-૨૦૧૪

## માતૃ-પિતૃ વંદના....



## સંઘમાતા ભારતીબેન તથા સંઘવી ભાગચંદ દામજી ધરમશી (જૈન)

કોઠારા તીર્થ - મુલંડ, મુંબઈ

એકબીજા પ્રત્યે સ્નેહ - સમર્પણથી જીવન બન્યું છે સંગીતબધ,
સૌ સાથે સ્નેહ સલૂકાઈથી જાળવ્યો છે મધુર સંબંધ...
વેઠીને આપ તાપ, અમને આપી છે શીતલ છાંય,
વરસાવતા રહો સદાય વાત્સલ્ય તણા આશીષ વરસાદ....
આપના તંદુરસ્તી સભર દીર્ઘ આયુ અને સ્નેહ સંગાથની પ્રાર્થના....

લી. આપના ખૂશહાલ બાગબાનના પુષ્પો

પુત્ર - પુત્રવધુ : અ.સૌ. હિના જયેશ ભાગચંદ જૈન (ધરમશી), અ.સૌ. હિના પ્રજ્ઞેશ ભાગચંદ જૈન (ધરમશી)
અ. સૌ. બીજલ લોકેશ ભાગચંદ જૈન (ધરમશી), પૌત્રી - પૌત્ર : પ્રિયા, કરણ, જુગલ, લક્ષીત, સૌમ્ય જૈન

હાર્દિક શુભેચ્છા : Exim Transtrade (I) Pvt. Ltd. Mumbai and ALL STAFF MEMBERS

શ્રીમતી ભારતીબેન ભાગચંદ દામજી જૈન ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ: શ્રી શાંતિજિન જૈન જાગૃતી ગ્રુપ - મુંબઈ

# PREVENTIVE HEALTH & WELLNESS MANAGEMENT

*Tilakchand Lodya (Chenai)*

Life Style Diseases like OBESITY and DIABETES are growing faster in India and our KDO community is not an exception. Wherever and whenever there is a casual discussion in a group of ladies or gents, KDOs or otherwise, apart from the issues of 'Monghvaari' and 'Kamvaari', the other important subject, which occupies important slot of time, is 'OBESITY' and related topics. The dangers and disadvantages of these life style diseases are well known and need no further mention. Most of the efforts of our Community for health are oriented towards post-disease treatments, which are not only, time consuming and but also costly.

During my morning walk, an idea came as to whether can we think and implement at social level any programmes of preventive nature which will prevent diseases or make available easier and cost effective remedies. Wellness / Health Management programmes can lead to decreased health problems and having healthier people is an advantage for the Society and family can lead a much happier and longer life and also save substantial amounts in healthcare costs. Prevention is better than a cure. A stitch in time will save nine in future.

For this purpose, I feel that local Mahajans, Mahila Manchs and Youth Forums can work as a catalyst and co-ordinate. They can select the desirous and eligible people who want to reduce obesity and organize their treatment in nearby or desired nature cure centres for a group or some other weight reduction programmes in groups. These programmes can be partly subsidized, so that people are attracted to participate in these novel events. The Members who attend and reduce and maintain weight may be awarded prizes and their achievements properly recognized in community functions just like 'bahumans of tapasvees'. If a couple attends and achieves good results in weight reduction and maintains it, they may be given some additional incentive.

By structured self discipline ( just by not eating sweets, fried items and not drinking tea & coffee), I recently reduced about 10 kgs of weight and have been maintaining it since 7 months, even after taking normal food. Advantages of slowly reducing weight are tremendous. In our housing society at Chennai, wherein I happen to be the President, this has become an example and more than 10 ladies and gents have themselves voluntarily determined and started the process of reducing their weight. My eldest daughter Dr. Mahima at Hubli, also got inspired and reduced about 8 kgs of weight three months back. Similarly, I am sure that if one or two members under the auspices of the well designed programmes of Mahajans, Mahila Manch and/or Youth Forums reduce and maintain the same weight, their lifestyle will change and inspire others to follow, because in this field just lecturing does not yield desired results but actual and visible examples inspire. Lectures of the Doctors and dieticians may be organised. Importance of walking and exercise also be propagated.

One more step I would suggest is that the information of these achievements obtained under the banner of KDO organisations may be published in the community magazines by the Mahajans similar to the Tapasya done by the Sravaks and Sravikas. The organisations which adopt this nature of programmes may share their information in community magazines. This type of constant creation of awareness and appreciation will go a long way in improving the health of all the KDOs.

Each KDO organisation may evolve and structure its own rules and criteria according to its needs and convenience and start Wellness Programmes.

Let 'Tandurasti be Wahaan, KDO Jahaan'.

RAJSHREE YOGA & FAT FREE ZONE ®

WEIGHT MANAGEMENT & FITNESS CENTER
Since 1994

## સામાન્ય રીતે ૨૫ કિલો થી વધુ વજન ઉતારવું હોય તો ઓપરેશન કરાવવું પડે છે. જેમાં લાખો નો ખર્ચ થાય, પછી પણ ડાયેટ કરવું પડે, શરીરને સહન કરવું પડે, છતાં જોઈતો શેપ આવે એ નક્કી ન હોય. ગમે તેટલું વજન ઓછું કરી ને જો મનગમતો શેપ ઓછા ખર્ચ અને ટૂંક સમયમાં જોઈતો હોય તો એક માત્ર વિકલ્પ છે.

# રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન

**નામ નહીં કામ બોલે છે**

**કિશોર પોપટલાલ સાવલા**


પહેલાં


પછી

ટોટલ વજન ઉતાર્યું
**35** કિલો
ટોટલ ઇંચ ઉતાર્યા
**159**


પહેલાં


પછી

'' રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોનમાં ઘણા લોકોને વજન ઉતારતા જોયા છે. મેં પણ ૩૫ કિલો ઘટાડયું. જેમ બધાની દવાઓ ઓછી કે બંધ થઇ જાય છે, તેમ મારું પણ થયું. પણ મને થાઇરોઇડ હોવા છતાં પણ ૩૫ કિલો ઉતર્યું એ મોટી વાત છે. વજન કોઇપણ રીતે કદાચ ઉતારી શકાય પણ ખાઇને મેઇનટેઇન કયાં પણ રહી શકતુ નથી. વજન માટે ઓપરેશન કરાવ્યા પછી પણ ઘણ લોકોના વજન વધી જતા જોયા છે. મેં પણ પહેલાં ૨૦ કિલો ઉતારેલું એ પછી થોડા સમયમાં વધી ગયેલું હવે મેં બધું ખાઇન ટ્રાય કરી લીધી છે. એકાદ કિલો ચડ-ઉતર થાય અને પાછું ત્યાંજ આવી જાય છે. મને એકવાર મહેનત પડી પણ હવે સારું લાગે છે.''

## Ph:- 93233 33303, 93218 99909, 24373503

**મેડીકલ ડૉક્ટરનું માર્ગદર્શન ઉપલબ્ધ. એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી.**

**ખાસ :- ૬/૪/૧૪ ના "સ્થૂળતા, હેલ્થકેર અને બિમારીનો અટકાવ" - વિષય પર જમવાની વ્યવસ્થા સાથે સેમીનાર રાખવામાં આવેલ છે. રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી.**

**૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે, દાદાસાહેબ ફાલકે રોડ,**
**ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે ભરતક્ષેત્રની ગલી માં, દાદર (ઇ), મુંબઇ -૪૦૦ ૦૧૪**
વેબસાઇટ : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com

## અશ્રુભિની શ્રધ્ધાંજલિ



## શ્રી મણિલાલ ચાંપસી લોડાયા

ગામ : જખૌ    હાલ : અમલનેર

જન્મ : ૭.૧૦.૧૯૪૨    સ્વર્ગવાસ : ૨૭.૦૨.૦૮

જીવન એવું જીવી ગયા કે કદીયે ભુલાય નહીં,
વિદાય એવી લીધી કે કદીયે વિસરાય નહીં,
પરિવારને ખોટ પડી એવી,
જે કોઈનાથી કદીએ પુરાય નહીં,
જીવન પંથ તો આમ છોડી જવાય નહીં,
પણ મોક્ષ પંથે જનારને કોઈથી રોકી શકાય નહીં,

**પ્રભુ એમના આત્માને પરમ શાંતિ આપે**
**એવી અમારી પ્રાર્થના...**

તમારા જીવન જેવી સુંગધ અને સુવાસ
અમારા હૃદયને સદા મહેકતું રાખે

-:આપના સ્મૃતિદીપને પ્રજ્વલિત રાખનાર:-

શ્રીમતી : ધનલક્ષ્મી મણિલાલ લોડાયા
સપુત્રીઓ : સૌ. વૈશાલી જયેશ મોતા
(સુથરી, હાલ ડોંબિવલી)
સૌ. વિરાજ જયેશ માલદે
(દલતુંગી, હાલ મુલુંડ)
સૌ. મનિષા વિપુલ મોમાયા
(સાંયરા, હાલ ધુલિયા)
માવતર : શ્રીમતી દેકાંબાઈ ચાંપસી લોડાયા પરિવાર
(જખૌ હાલ - અમલનેર)
સાસરીયા : અ.સૌ. ખેતબાઈ/સૌ. લક્ષ્મીબાઈ
નારાણજી મૈશેરી પરિવાર
(નાની સિંધોડી, હાલ મુલુંડ)

## પ્રથમ પુણ્યતિથીએ નતમસ્તકે શ્રધ્ધાંજલિ

# માતૃદેવ ભવ:



## માતુશ્રી જયાબાઈ શામજી લોડાયા

કચ્છ લાલા મુંબઈ - વડાલા

સુર્યોદય:    સુર્યાસ્ત :
તા. ૩૦.૦૩.૧૯૨૯    તા. ૦૩.૦૩.૨૦૧૩

પુત્ર - પુત્રવધુ : વિનોદ - મંજુલા
મુલચંદ - સરલા
ઝવેરચંદ - અલકા
પૌત્રી પૌત્ર વધુ : જતીન કાશમીરા
પૌત્રી : મીતલ - સેજલ
દિકરી જમાઈ : ગીતા વિરેશ ધનજી નાગડા
દોહીત્રી : ખુશબુ
દોહીત્રો : જિગ્નેશ
પર પૌત્ર - : ચૈત્ય જતીન લોડાયા
દેર - દેરાણી : જયાબાઈ માણેકજી
વીરજી લોડાયા
(વર્સોવાવાળા)

**જતીન ટ્રેડસ**

અંબિકા શોપિંગ સેન્ટર,
સેક્ટર ૮ નેરુલ,
ફોન. : વડાલા ૨૪૧૪૭૨૬૨

## સ્ત્રીદાક્ષિણ્યઃ વિકાસની પારશીશી

**વનિતા**



**વિશ્વ**

ઝવેરચંદ મેઘાણીની એક ઐતિહાસિક નવલકથા ગુજરાતનો જય માં એક સવાંદ આવે છે, ‘‘મેં તારી માને જોઈ હતી, વસ્તુપાળ તારી મા સુંદર હતી. મને કહો રાણાજી, મારી મા કેવી સુંદર હતી? પેટે અવતાર લેવાનું મન થાય તેવી સુંદર. અમે ક્ષત્રિયો સ્ત્રીનો સુંદરતાને એક જ રીતે વર્ણવી શકીએ.’’ આ સંવાદમાં ભારતીય સંસ્કારની ઊજળી સુગંધ છે.

૧૨ જાન્યુઆરીએ જેમનો જન્મદિન ગયો, વર્ષે જેમની ૧૫૦મી જન્મજયંતી ઊજવાઈ તે સ્વામી વિવેકાનંદ આજીવન સંન્યાસી હતા. એક તબક્કે સ્ત્રીને સાધનામાર્ગના એક વિઘ્ન તરીકે જોતા વિવેકાનંદ ધીરેધીરે સ્ત્રીનો જાતિયતાના ઉપકરણને સ્થાને માતૃત્વમૂર્તિ તરીકે જોતા થયા. તે પછી સ્ત્રીનો ઉત્કર્ષ તેમનું એક ધ્યેય બની ગયો.

ગયા વર્ષે સ્વામી વિવેકાનંદના જન્મને ૧૫૦ વર્ષ પુરાં થયાં. પરાધીન અને ગુલામ મનોવૃત્તિનો શિકાર બનેલા ત્યારના ભારતમાં તુચ્છ ગણાતી અને હડધુત થતી રહેતી સ્ત્રીઓને જોઈ તેમને ખુબ દુઃખ થતું. જે તેમાનાં લખાણ અને વ્યાખ્યાનોમાં વારંવાર વ્યક્ત થતું. **જ્યાં સુધી સ્ત્રીની સ્થિતી સુધરે નહીં ત્યાં સુધી વિશ્વકલ્યાણની વાત કરવાનો કશો અર્થ નથી** તેમ તેઓ માનતા.

વેદકાળમાં સ્ત્રીઓ સ્વતંત્રતા અને સમાન અધિકાર ભોગવતી. ઋષિઓ ગયા અને પૂજારીઓ આવ્યા ત્યારથી એટલો કે ઈ.સ. પૂર્વે ૧૫૦૦ની આસપાસ સ્ત્રીનો શિક્ષણ અને આધ્યાત્મિક કાર્યોનો અધિકાર ઝૂંટવાયો અને તે વધુ ને વધુ પરાવલંબી બનતી ગઈ. જે દેશમાં મૈત્રેયી, ગાર્ગી જેવી વિદુષીઓ થઈ હતી તે દેશમાં સ્ત્રી પોતાના જ પરિવારમાં પરાધીન દાસી બની ગઈ. જ્યાં નારી પૂજાય છે ત્યાં દેવતાનો વાસ છે તેવું માનનારા દેશમાં નારી નરકની ખાણ, સ્ત્રીએ બાળપણમાં પિતાની, યુવાનીમાં પતિની અને વૃદ્ધાવસ્થામાં પુત્રની આજ્ઞા માનવી તેવી ઉક્તિઓ અને આદર્શો પ્રચલીત બન્યાં.

સદીઓ ગઈ અને સ્ત્રીઓએ પાતાનું ઊતરતું સ્થાન સ્વીકારી લીધું. હવે સ્ત્રી સમાન છે, સ્વતંત્ર છે, પણ તેનામાં અને સમાજમાં ઊંડા મૂળ નાખીને બેઠેલી પરંપરાની પકડ આજે પણ ઘણી મજબુત છે. આ સંજોગોમાં એક સદી પહેલાં એક યુવાન સંન્યાસી તરીકે વિવેકાનંદે સ્ત્રી માટે જે કહ્યું છે તે તેમને પોતાના સમય કરતા આગળ અને મૂઠી ઊંચેરાં સાબિત કરે છે. તેમના વિચારો જાણીએ.

મનુષ્યની ઓળખ તેનો આત્મા છે અને આત્માને લિંગ, જાતિ કે ધર્મ હોતાં નથી.

જ્યાં સુધી સ્ત્રીની સ્થિતી નહીં સુધરે ત્યાં


**નલિયા - સચ્ચાઈમાંની પહેડી**

**નલિયા - લોડાયા ગોત્રના લોડાયા ફળિયા સ્થિત સચ્ચાઈમાંની પહેડી તેમજ ગંધી બદલવાનો કાર્યક્રમ તા. ૧૫.૦૪.૨૦૧૪ ને મંગળવારના નલિયા ખાતે યોજેલ છે. તો નમતા ભાવિકોએ લાભ લેવા વિનંતી છે.**

**સંપર્ક : જ્યોત્સનાબેન લોડાયા**
**મો. 09844406425**



લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

- સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ડ સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

**સંપર્કઃ દિનેશ દેઢિયા - 92234 25676**

સુધી રાષ્ટ્રના ઉત્થાનની કે વિશ્વ કલ્યાણની વાત કરવાનો કોઈ અર્થ નથી.

યુગોથી સ્ત્રી સહન કરતી આવી છે. તેને લીધે તેનામાં અપાર ધૈર્ય અને ખંત જેવા અદભુત ગુણોનો વિકાસ થયો છે.

સ્ત્રીને પૂર્ણ સ્વતંત્રતા આપવાથી જ તે સંપૂર્ણ મનુષ્ય બનશે.

ભારત જેવા દેશમાં સ્ત્રી અને પુરષમાં આટલો ભેદભાવ શા માટે છે? વેદાંત તો કહે છે કે સ્ત્રી અને પુરુષ બંનેમાં એક જ ચૈતન્યનો અંશ છે. તેનું સન્માન કરવાને બદલે તમે સ્ત્રી માટે કઠોર નિયમ બનાવવ્યા, અનેક બંધનો લાદ્યાં, તમામ અધિકાર છીનવી લીધા, વિકાસની કોઈ તક રહેવા ન દીધી, તેને પ્રજોત્પત્તિનું સાધનમાત્ર ગણી એને ઊતરતું સ્થાન આપ્યું.

દેવીને દાસી બનાવી મૂકી. આ રીતે દેશની પ્રગતિ થવાની છે? કદી નહીં. સ્ત્રીઓ પ્રત્યેનો વ્યવહાર એ રાષ્ટ્રના વિકાસની પારાશીશી છે.

વેદ આપણા આદિ ગ્રંથ છે. તેમાં ક્યાં એવું કહ્યું છે કે સ્ત્રીને શિક્ષણનો અધિકાર નથી - આધ્યાત્મિક સાધનાની ક્ષમતા નથી? વેદકાળમાં મૈત્રેયી, ગાર્ગી જેવાં વિદુષી હતાં, તેમનું આદરણીય સ્થાન હતું. વેદો ગયા ને બ્રાહ્મણગ્રંથો આવ્યા ત્યારથી સ્ત્રીઓને અને શુદ્રોને ઊતરતા ગણવાની શરૂઆત થઈ અને રાષ્ટ્રચેતનાના પતનનાં પગરણ મંડાયા. દુનિયાના બીજા કોઈ દેશમાં પરંપરા અને ધર્મના નામે માણસના હાથે માણસનું આટલું ખરાબ રીતે અપમાન ભાગ્યે જ થયું હશે. સદીઓ સુધી આવી બદી ચાલુ રાખનાર રાષ્ટ્ર મહાન હોય નહીં, થઈ શકે નહીં.

યત્ર નાર્યસ્તુ પૂજ્યંતે રમન્તે તત્ર દેવતાઃ આ મંત્રમાં સ્ત્રીશક્તિનું સન્માન છે. એ શાશ્વત સત્ય છે - કોઈ પોપટપાઠ નથી.

સ્ત્રી અને પુરુષની સરખામણી કરતી વખતે પુરુષ યુદ્ધ કરી શકે છે, તેનામાં શરીરબળ વધારે છે તેથી તે શ્રેષ્ઠ છે તેમ કહેવામાં આવે છે. આ ન્યાય નથી. સ્ત્રી પુરુષ જેટલી જ હિમંતવાન છે. સ્ત્રીમાં પુરુષ જેટલી શારીરિક તાકાત નથી તે સાચું છે, પણ એમ જોઈએ તો સ્ત્રીમાં પ્રેમ, વાત્સલ્ય, કાળજી અને સનહશક્તિ પુરુષ કરતાં ઘણાં વધારે છે. આવી સરખામણી અર્થહિન છે. સૃષ્ટિનાં સંતુલન અને સંચાલનમાં સ્ત્રીશક્તિ અને પુરુષશક્તિ બંનેની સરખી જ જરૂર છે અને તેથી બંને સન્માનનાં સરખાં જ અધિકાર છે.

તમે (અમેરિકામાં) તમારી સ્ત્રીઓને બૌદ્ધિક વિકાસનો ખૂબ સારો અવકાશ આપ્યો છે, પણ તેમાં પવિત્રતાનો થોડો ભોગ લેવાયો છે. પ્રગતિ વિશુદ્ધિને ભોગે ન થવી જોઈએ. તમે ઘણું જ્ઞાન મેળવ્યું છે, પણ તેનો ઉપયોગ તમે તમારી બદીઓને ઢાંકવા માટે કરો તો તે બરાબર નહિં બૌદ્ધિક વિકાસની સાથે નૈતિક અને આધ્યાત્મિક વિકાસ નહીં સંકળાય તો અંતે વિનાશ જ થશે. અમારી સ્ત્રીઓ પશ્ચિમની સ્ત્રીઓ જેટલી શિક્ષિત નથી, પણ તેમાન કરતાં વધારે પવિત્ર છે. તમે સ્ત્રીનાં માત્ર બાહ્ય સૌદંર્યનો મહિમા કરો છો અને સ્ત્રી પણ તેમાં આનંદ લે છે. હું આને સબ્લિમેશન - ઉદાત્તિકરણ ન કહું.

વ્યક્તિ પોતાને સ્ત્રી કે પુરુષ તરીકે નહીં, મનુષ્ય તરીકે જુએ. અન્યને મદદરૂપ થવામાં અસ્તિત્વનો આનંદ શોધે.

સ્ત્રી અને પુરુષના દૃષ્ટિકોણ જુદા હોય છે, તેથી તેઓ સૃષ્ટિને પોતપોતાની રીતે સમજે છે. આ બંને દૃષ્ટિકોણ એકબીજાના પૂરક છે અને તેનાથી સમગ્ર ચિત્ર બરાબર ઊપસે છે.

પશ્ચિમમાં સ્ત્રીનો આદર્શ સાથીનો, પત્નીનો છે. ભારતમાં સ્ત્રીનો આદર્શ માતૃત્વનો છે. માતા ભારતના પરિવારોનું કેન્દ્રબિંદુ હોય છે, ધરી હોય છે. જેમ ઈશ્વર પૃથ્વીનું સર્જન, ધારણ, પોષણ ને સંવર્ધન કરે છે તેમ માં પરિવારનું સર્જન, ધારણ, પોષણને સંવર્ધન કરે છે.

**- સોનલ પરીખ, જન્મભૂમિ** *માંથી સાભાર*


**કન્યા જોઈએ છે:**

**પૂના સ્થિત,**

**ઉંમર :** ૩૦ વર્ષ,

**ઉંચાઈ :** ૫'૫"

**શિક્ષણ :** B.B.A., M.B.A. ફાઈનાન્સ, ડેપ્યુટી મેનેજર (Axis Bank Pune) ની જોબ ધરાવતા, વેલ - સેટલ્ડ યુવક માટે.

**કન્યાના વડીલો સંપર્ક કરે:**

મોબાઈલ : 09422881207 / 022-25647368

## TEEN TWINKLE

Compilations And Contributions by
Mrs. Neelam Dalesh Momaya Mssrs. Damji Bhimji Co Station Road, Chalisgaon – 424101, Jalgaon District.

**Interesting Anecdotes**

Leonardi di vinci

Anger is often more harmful than the injury that caused it!

When the famous painter Leeonardi da Vinci was working on his painting "THE LAST SUPPER" he became angry with a certain man. Losing his temper he lashed the other fellow with bitter words and threats. Returning to his canvas he attempted to work on the face of Jesus, but he was unable to do so. He was so upset he could not compose himself for the painstaking work. Finally, he put down his tools, sought out the man and asked his forgiveness. The man accepted his apology. Leonardo was able to return to his workshop and complete painting the face of Jesus.

**Proverbs are lamps to life**

Open your mouth and purse cautiously.

**શ્રી કચ્છી દશા ઓશવાલ સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ**

**-:૮મી વાર્ષિક સામાન્ય સભા :-**

સર્વે સભ્યો જોગ, જય, જિનેન્દ્ર,

**આપણા સંઘની ૮મી વાર્ષિક સામાન્ય સભા તા. ૧૬.૦૩.૨૦૧૪ના રવિવારે નીચે દર્શાવેલ સ્થળે રાખવામાં આવેલ છે. જેમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.**

**એજન્ડા :** ૧. ગત સામાન્ય સભાની મીનીટસનું વાંચન અને બહાલી,
૨. વર્ષ ૨૦૧૨-૨૦૧૩ ઓડિટેડ હિસાબને મંજુરી આપવી,
૩. વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માટે ઓડિટરની નીમણુક કરવી.
૪. વાર્ષિક અહેવાલ રજુ કરવો,
૫. પ્રમુખશ્રીની પરવાનગીથી અન્ય વિષયો પર ચર્ચા વિચારણા.

**નોંધ :** કોરમને અભાવે જો સભા મુલતવી રાખવી પડે તો અડધા કલાક પછી એજ સ્થળે સભા પાછી - મળશે. તેમાં હાજર રહેલ સભ્યોની કોરમ ગણાશે. તેની કાર્યવાહી કાયદેસર ગણાશે.

**સભાનું સ્થળ :** શેઠશ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, શીશુકુંજ હોલની પાછળ, વાલજી લધારોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૦.

**સમય:** બપોરે ૩.૦૦ થી ૭.૦૦ (ચા-પાણી તેમજ અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.)

શ્રી સંઘના હિસાબના ચોપડા અને ઓડીટ રિપોર્ટ જોવા તા. ૨.૩.૧૪ થી તા. ૬.૩.૧૪ દરમ્યાન બપોરે ૪થી ૬ વચ્ચે મુંબઈ કાર્યાલયે જોઈ શકાશે. આપણા સંઘની **વેબસાઈટ** www.sevakbharudiatrust.in ઉપર મુકવામાં આવેલ છે. સભ્યો ત્યાં પણ જોઈ શકે છે.

**-: નમ્ર નિવેદન :-**

વાર્ષીક નીભાવ ખર્ચ માટે રૂા. ૧૧૦૦૦/- ના નકરા નીચે મુજબ દરેક પુજાના રાખેલ છે. સભ્યોને લાભ લેવા વિનંતી. : **(૧) વાસક્ષેપ પુજા, (૨) પક્ષાલ પુજા (૩) અંગલુછણા, (૪) ચંદન પુજા, (૫) ફૂલપુજા, (૬) ધુપપુજા, (૭) ઘૃતપુજા,**

**એજ લી: શ્રી કચ્છી દશા ઓસવાલ સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ**વતી

માનદમંત્રી : **સુરેશ વીરચંદ દંડ** - સહમાનદ મંત્રી : **અશ્વિન લક્ષ્મીચંદ દૌલત**

**No cord or cable can draw so forcibly or bind as fast as love.

****If you are truly at peace with yourself you will never be at a war with others.

**AMAZING FIGURES**

Out of the 1200 species of all kinds of birds found in India,300 visit during winter and they come from distant places. A large number of these birds fly up to 18000 feet to migrate through the passes of Himalayan mountain range. The yellow billed Chough flies upto a height of 27000 feet.

2) A supersonic jet plane traveling at a speed of 1600 kms per hour ,if diving at you would hit you before you hear it corning.

3) The Olympus mons on planet Mars is the largest volcano of the solar system. It rises 25 kms above the plain of Mars and is 595 kms wide at the base.

**AMAZING FACTS**

The colossal stone statues outside the temple of Amon Re, in Egypt have stood for 3200 years

**Each of the four sculptures 70 feet high - depicts the Pharoah Ramaseses seated on a huge stone chair and facing the Nile river.

****in 1960 when the Egyptians were constructing the Aswan High Dam, it appeared that the statues would be lost forever. A international team of archaelogists and engineers saet to work and reassembled them 200 feet above their original site.

**The lighter side of life**

Burden on the bullock cart

A peasant was walking down the road carrying a heavy sack of grain on his head. On the way a kindly farmer offered him a lift. The peasant accepted the offer and sat down in the cart but kept the sack of grain on his head. “Why don’t you put down the sack of grain down?” asked the farmer. “ Your cart is already loaded. I don’t want to put more burden on your bullock,” replied the peasant.

**The same terms**

The man wearing a rather frayed looking suit entered a tailor’s shop. I hear that my son owed you a suit for three years” ,he commenced.

The tailor’s face brightened, “that’s right sir, he replied, “and have you come to pay the bill?” ‘Oh no, replied the other. “I want one for myself on the same terms!

**No new bones**

“Don’t you have any more recent books on anatomy? asked the student. “these are at least ten years old”. “ Look son” ,said the librarian, “there have been no new bones added to the human body in the last ten years!”

***By the bye***

Give! Give!Give away!
Whatever we have is not for us to enjoy;
We are mere messengers carrying his
gifts for others.
Give cheerfully, joyously,
This is the law of love.
Cease to give, you cease to have.
Never sit and cry -”nobody loves me”-
Nobody will until you start loving others,
Give love to get love.

***- Swami Chinmiyananda***

Think over it...........................................
Being unwanted, unloved, uncared for, forgotten by everybody is a much greater poverty than the person who has nothing to eat. A material thing does not remove the loneliness.

***- Mother Teresa***




## આંતર જ્ઞાતિય લગ્નો અને જ્ઞાતિનું વિદ્યાલય

હમણાં શ્રી રતિલાલ વાલજી ખોનાના બે લેખ વાંચ્યા, જ્ઞાતિમાં થતા આંતર જ્ઞાતિય લગ્નો વિષે લખ્યું છે. તે બદલ ધન્યવાદ! પરજ્ઞાતિના વિવાહ સંબંધે આપણે (વડીલો) આપણી સમયસર ફરજ બજાવતા નથી, એ પણ એક કારણ છે.

જ્ઞાતિના ધાર્મિક સમારોહ, કે લગ્ન ઈત્યાદિમાં ન જવું, જેનાથી આપણા દીકરી કે દીકરાઓની જ્ઞાતિમાં આપસમાં ઓળખાણ થતી નથી.

મુંબઈની દીકરીઓમાં અમુક પરાં સુધીજ લગ્ન કરવા, બહારગામ ન જવું એ બધી ખોટી માન્યતાઓ ઘર કરી ગઈ છે. જેથી એ પણ રહી જાય છે અને અન્ય દિકરા પણ રહી જાય છે. પછી આવા છોકરા-છોકરીઓને પરાણે બીજી જ્ઞાતિમાં વર કે વહુ શોધવા પડે છે.

સત્ય તો એ છે કે મુંબઈ કરતાં બહારગામના ઘર મોટા વિશાળ હોય છે, ધંધાકીય પણ અનુકુળતા હોય છે, બહારગામના લોકો ઓછું કમાય છે એવું નથી. એમના પણ દીકરા કે દીકરીઓ ભણેલ - ગણેલ હોય છે.

હુબલી, ગદગ, બેંગ્લોર, રાયપુર, વડોદરા, ધુલીયા, અમદાવાદ, કોઈમ્બુતુર, ચાલીસગામ, જલગામ, પૂના, નાગપુર, ઈતર ઘણા ગામોમાં મહાજન કે સખીવૃન્દ સંસ્થાઓમાં જ્ઞાતિની બહેનો ઘણીજ સરસ પ્રવૃત્તિ કરતી રહે છે, ફક્ત જોઈએ છે મનનો વિશ્વાસ અને આવડત! ખાલી મુંબઈમાં જ પ્રવૃત્તિ થાય છે એવું નથી!

આપણી શાળા માટે પણ એમનો અને શ્રી કાંતીલાલ કેશવજી મોતાના જે લેખ હતા તેના પર જ્ઞાતિજનો, વડિલો અને મહાજન એકમતે વિચારે તો જ્ઞાતિને જરૂર લાભ થશે.

શ્રી ટોકરશી શામજીનો માળો (મસ્જિદ બંદર) બાબત પણ વિદ્યાલયના ટ્રસ્ટીઓ નિષ્ક્રીય છે, તેમને ૧૦૪ વર્ષ જુની જ્ઞાતિની સંસ્થાને પાછા સન્માનનીય સ્થાને લાવવી જરૂરી છે.

જયજ્ઞાતિ મૈયા!

**- શરદ નાગડા- પુના**
*વિચાર પ્રેરક લેખ*

### પરસ્પર સહમતીથી છુટા છેડા

ગામ કુવાપધરનાં હાલે ડોંબિવલી રહેતા **જય નવીન ખેતશી મોતા** અને મુળ ગામ કોઠારાનાં હાલે નાંદેડ રહેતા **શાંતિલાલ હંસરાજ લાપશીયાની દિકરી કીર્તિ**ના, વડિલોની દરમીયાનગીરીથી તેમજ તેમની બંનેની પરસ્પર સહમતીથી છુટા છેડા થયેલ છે.

Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...

રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી,
રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881

ગુરૂવાર બંધ

અસલ કલા-કસબનો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઇનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,
મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786

## શ્રી કે.ડી.ઓ. જૈન હુબલી મહાજનનું વધુ એક સ્તુત્ય કદમ...

સમસ્ત કર્ણાટકમાં બેંગ્લોર પછી કોઈ મોટું શહેર હોય તો તે હુબલી છે. અહીં જ્ઞાતિબાંધવોનાં લગભગ ૧૫૦ જેટલાં કુટુંબોનો વસવાટ છે. અહીં હુબલી મહાજને નબળા તથા મધ્યમવર્ગીય કુટુંબો માટે રહેઠાણનાં ૬૫ ઘર અદ્યતન સગવડવાળાં બાંધી જ્ઞાતિભાઈઓને ઓનરશીપના ધોરણે લીઝથી તથા સસ્તા ભાડે (નહિ નફો નહિ નુકસાનના ધોરણે) આપ્યાં છે. બે નિરાધાર વિધવા બહેનોને તદ્દન મફત (ન ભાડું, ન જાળવણી ખર્ચથી) મકાન રહેણાક માટે આપ્યાં છે. તદુપરાંત તેમને આર્થિક સહાય પણ કરે છે. આ સિવાય અન્ય નબળાં કુટુંબોને પણ મહાજનશ્રી આર્થિક સહાય કે દવાદારૂની જરૂરત હોય તો તે પણ પૂરી પાડે છે.

સમસ્ત જ્ઞાતિ બાંધવો માટે માથાદિઠ રૂ. એક લાખનું મેડીકલ ઈન્શ્યોરેન્સ કરવામાં આવ્યો છે, જેનું પ્રિમિયમ પણ મહાજનશ્રી વર્ષોથી ભરી રહ્યું છે.

અહીં કે.ડી.ઓ. જૈન અંગ્રેજી માધ્યમ શાળા છે, કે જેમાં જ્ઞાતિનાં બાળકોને કોઈ પણ જાતના ડોનેશન કે ફી આપવાની જરૂર રહેતી નથી.

અદ્યતન સગવડવાળો સુસજ્જિત માયફેર ઓડિટોરિયમ હોલ જ્ઞાતિ ભાઈઓને વિનામુલ્યે જાળવણી ખર્ચના રૂ. ૫૦૦ લઈ વાપરવા આપવામાં આવે છે. ધાર્મિક - સામાજિક કે સાંસ્કૃતિક કાર્યક્રમો માટે કે સાદડી અને પ્રાર્થનાસભા માટે વિનામુલ્યે વાપરવા આપવામાં આવે છે. સુંદર અતિથિગૃહની વ્યવસ્થા પણ છે.

મહાજનશ્રીની યશકલગીમાં આ વર્ષથી એક નવી શરૂઆત કરવામાં આવી છે કે જેમાં કે.જી.થી ૧૨ મા ધોરણ સુધી ભણતા સમસ્ત જ્ઞાતિનાં બાળક - બાલિકાઓના અભ્યાસને લગતી સામગ્રી (પુસ્તકો - એક્સરસાઈઝ બુક્સ વગેરે) તથા શાળાની સંપૂર્ણ વર્ષની ફીનો ખર્ચો પણ મહાજનશ્રીએ ઉપાડી લીધો છે અને આ યોજનાને કાયમી બનાવવાની મહાજનશ્રીએ ઈચ્છા વ્યક્ત કરી છે.

ઉચ્ચ અભ્યાસ કરનાર બાળકો જેવાં કે ડોક્ટર, એન્જિનિયર, સી.એ. વગેરેના ભણતર અંગે લોન આપવા અંગેનો પ્રસ્તાવ પણ વિચારણા હેઠળ છે. જ્ઞાતિનાં મકાનોમાં લિફ્ટની વ્યવસ્થા અંગે પણ વિચારણા થઈ રહી છે.

હુબલી મહાજનના પ્રમુખ સ્થાને છેલ્લાં ૩૯ વર્ષથી બનહરીફ સર્વાનુમતે શ્રી ભરતભાઈ ખોના બિરાજી રહ્યા છે. સાથે સમસ્ત ટ્રસ્ટીગણ તેમને સહકાર આપી રહ્યા છે.

***- શાંતિલાલ રામજી લાલકા, હુબલી***

## સુશ્રાવક ની સ્મૃતિમાં ઉચિત દાન

શ્રી સુપાર્શ્વનાથ શ્વેતાંબર મુર્તિપુજક જૈન સંઘ ધાવણગીરીના આગેવાન સ્વ. નવીનચંદ્ર માણેકજી શીયાડ જખૌના પોતાના જીવનકાળમાં શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ ભગવાનની મુર્તિ દેરાસરમાં પધારાવેલ. ગુરૂ ભગવંતોની વૈયાવચ્ચ કરેલ. તેમની સ્મૃતિમાં તેમના ધર્મપત્ની લીલાવંતી નવીનચંદ્ર શિયાડ શ્રી પ્રવિણ એચ. જૈન પ્રેરણાથી જીવદયા માટે રૂા. ૨૫૦૦૦ આપી પાંજરાપોળના આજીવન સભ્ય બન્યા છે. સુશ્રાવકને કેવી ઉપયુક્ત આદરાંજલિ.

***- મણિકાંત માણેકજી ગોસર - ધાવણગિરી***

## શ્રધ્ધાંજલિ



**આગમન :**
**૨૧.૧૧.૧૯૫૧**

**વિદાય :**
**૧૨.૧૧.૨૦૧૩**

### સ્વ. શા મણીલાલ લખમશી શામજી લોડાયા
**(ડોંબિવલી) વારાપધર**

**લો આ ગયી.... ઉનકી યાદ,**
**વો નહી આયે!**

**✻ શ્રધ્ધા સુમન ✻**

| | |
|---|---|
| **પત્ની** | **: શ્રીમતી માલતી મણીલાલ લોડાયા - ડોંબિવલી** |
| **બહેન** | **: શ્રીમતી લીલાવંતી હિરાચંદ મૈશેરી - કલ્યાણ** |
| **ભાઈ** | **: સ્વ. દિનેશ લખમશી લોડાયા - મુલુંડ** |
| **દિકરી-જમાઈ** | **: સૌ. શીતલ ગિરીશ ખોના - બાર્શી** |
| | **સૌ. તેજલ લોકેશ શીયાડ - ધમતરી** |
| **પુત્રવધુ -પુત્ર** | **: સૌ. લતા રૂપેશ લોડાયા - ડોંબિવલી** |
| **સાસુમા** | **: શ્રીમતી વનિતાબેન દેવશી મોમાયા (હુબલી -ડુમરા)** |

# પરબ શકિત સંજીવની સોસાયટી

રજી, ઓફિસ : ૯, જંયત વિલા, હિંગવાલા લેન, ઘાટકોપર, (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭

આયોજિત

## શ્રી લખ – લક્ષ્મી લુઠીયા જન સહાયક ફંડ પ્રેરિત

## અનાજ – મસાલા મેળો....

બારેમાસ ભરવા લાયક શુધ્ધ અનાજ, મસાલા, સુકવણી તથા હાથે બનાવેલી ખાદ્ય વસ્તુઓનું હોલસેલ ભાવે વિતરણ.

તારીખ : ૨૫.૦૩.૨૦૧૪ મંગળવાર અને ૨૬.૦૩.૨૦૧૪ બુધવાર

સમય : બપોરે ૧ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી (બંને દિવસ)

સ્થળ : અનંત છાયા, જમણ પટાંગણ, આર.બી. મેહતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ) મું-૭૭.

ખાસ નોંધ : ૧. બહેનોને વિના મુલ્યે સ્ટોલો આપવામાં આવશે.

૨. જો બહેનો પોતેજ ખાદ્ય વસ્તુઓ બનાવતી હોય તો એમણે પરબના ટ્રસ્ટીઓનો તા. ૧૫.૦૩.૨૦૧૪ સુધી સંપર્ક કરવો.

૩. અવનવી વૈવિધ ખાદ્ય વસ્તુઓના સ્ટોલો આવકાર્ય છે.

૪. અનાજ - મસાલા લેવા થેલાઓ સાથે લાવવા નમ્ર વિનંતી.

**આગામી કાર્યક્રમ :**

તા. ૯.૫.૨૦૧૪ શુક્રવારે પરબનો આગામી કાર્યક્રમ માણવા અવશ્ય સમય ફાળવશો.

## સ્વયંસિધ્ધા

## ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર લેડીસ વિંગ પ્રસ્તુત કરે છે

**નારી તુ નારાયણી,**

નારીના વિવિધ સ્વરૂપો - માં, પત્ની, બહેન, દીકરી, સાસુ, વહુ, સખી, શક્તિ જેવાં વિવિધ સ્વરૂપોને ચાલો સાર્થક કરીએ.

**મુખ્ય અતિથી : દત્તાબેન ખીમજી**

**તા. ૮ માર્ચ ૨૦૧૪'ઈન્ટરનેશનલ વિમેન્સ ડે'ના દિવસે**

**G.V.C. લેડીસ વિંગે વિવિધ પ્રોગ્રામનું આયોજન કર્યું છે. જેમાં...**

૧. મેનોપોઝ દરમ્યાનની તકલીફો અને તેનું નિવારણ આ વિષય પર સમજ આપશે, ડો. ઉર્વી મહેશ્વરી.

૨. આપણાં રોજીંદા કામો દરમ્યાન યોગા અને મેડીટેશન કેવી રીતે કરી શકાય તેની સમજ આપશે, આશા સોની. ૩.'હસે તેનું ઘર વસે'....આપણને હસાવીને તાણમુક્ત કરશે,

**સમય : બપોરે : ૨.૩૦ થી ૬**

**સ્થળ :** અગ્રસેન ભવન હોલ, ૬૦ ફીટ રોડ, ઘાટકોપર ઈસ્ટ,

**અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.** વધુ વિગત માટે સંપર્ક :

**ચાંદની ખોના :** 9167710646 **અલ્પા લાલકા :** 9930830031 **લીના લોડાયા :** 9769411010

**લતા કુરવા :** 9324028932 **શોભા લોડાયા :** 932208823

**ડ્રેસ કોડ : પરપલ અથવા ગ્રીન કલરની સાડી અથવા ડ્રેસ**

**સર્વ સભ્યોને પધારવા વિનંતી**

## શબ્દાનંદ



### આડી ચાવી

૧. ટચલી આંગળી (૩)
૩. અઠવાડિયાનો એક વાર (૪)
૭. હકીકત, બનાવ (૨)
૮. અક્કલ મંદ (૪)
૯. કોઈ પવિત્ર કે જાત્રાની જગા (૨)
૧૦. દાંત (૩)
૧૨. દેવી સરસ્વતી (૩)
૧૩. એક ફિલ્મ અભિનેત્રી (૨)
૧૫. મેના (૩)
૧૬. ખેતી (૪)
૧૮. ચલો (૨)
૨૦. તંગી, ખેંચ (૨)
૨૨. અત્યંત નાનો ટુકડો (૩)
૨૩. છીછરું પાત્ર (૩)
૨૫. કામધેનુ (૩)
૨૬. દુધી (૨)
૨૮. રખડપટ્ટી (૪)
૩૦. દુર્ગંધ, બદબો (૨)
૩૨. ઉદાસ, ખિન્ન (૪)
૩૪. એક મહિનો, માસ (૨)
૩૫. બાળકોને રમવાની એક ચીજ (૪)
૩૬. નેતર (૩)

### ઊભી ચાવી

૧. એક પ્રસિધ્ધ ભક્ત કવિ (૩)
૨. અવાજ, નાદ, ધ્વનિ (૩)
૩. ભાન, જાગૃતિ
૪. હારબંધ, અનુક્રમ પ્રમાણે (૫)
૫. શરીરનો રંગ (૨)
૬. પૈસાનો ગુલામ (૪)
૯. કિનારો, કાંઠો (૨)
૧૧. રાજા (૩)
૧૨. વનસ્પતિનો જ આહાર (૪)
૧૪. જ્યાં ખનીજ હોય (૨)
૧૬. પંક્તિ, હાર (૩)
૧૭. ધાતુની વસ્તુ ખખડાવાનો અવાજ (૪)
૧૯. આંખ, નયન (૩)
૨૧. ચોરી, નિયમ વગેરેમાંથી છટકવાની યુક્તિ કે ચાલાકી (૪)
૨૨. કલામાં નિપુણ (૪)
૨૪. ઘાસની જમીન, ચરો (૨)
૨૭. ભૂતકાળનું વૃંતાત, તવારીખ (૪)
૨૯. જંગલ, વન (૩)
૩૧. ફાયદો (૨)
૩૩. એક શિકારી પક્ષી (૨)
૩૪. અભિપ્રાય (૨)

*- વનિતા હરીશ નાગડા (વડાલા)*



**સંખ્યાવન NUMBER GAME**

અહીં ચોકઠામાં તમારે નીચે આપેલી સંખ્યાઓ યોગ્ય ખાનામાં મૂકવાની છે. શરૂઆત કરવાની સરળતા પડે એટલે એક સંખ્યા ૧૩૪ પહેલેથી આપી છે.

**બે આંકડાની સંખ્યા :** ૧૪, ૧૭, ૨૪, ૨૫, ૩૮, ૫૯, ૬૪, ૭૪, ૮૫, ૯૩.

**ત્રણ આંકડાની સંખ્યા:** ૧૩૪, ૨૫૭, ૨૬૪, ૩૯૭, ૪૨૭, ૫૬૧, ૫૬૯, ૬૯૩, ૭૫૪, ૮૨૫, ૮૫૨, ૯૨૩, ૯૪૮

**ચાર આકડાની સંખ્યા :** ૧૩૨૫, ૨૩૧૬, ૩૪૫૨, ૩૬૫૪, ૩૯૧૨, ૫૪૯૬, ૫૬૮૪, ૬૧૯૭, ૭૨૫૭, ૮૨૩૭, ૮૩૨૬, ૯૧૫૪,

**પાંચ આંકડાની સંખ્યા :** ૧૨૭૫૩, ૧૫૬૪૮, ૨૪૮૩૫, ૪૩૭૮૬, ૪૯૬૭૨, ૫૯૪૭૧, ૬૨૩૪૯, ૮૨૫૪૩

**છ આંકડાની સંખ્યા :** ૧૭૨૮૫૬, ૨૧૯૫૩૬, ૨૬૭૫૪૩, ૩૫૨૭૩૯, ૪૫૨૭૩૮

**IN THIS BOX, YOU HAVE TO FILL FOLLOWING NUMBERS :**

**2 Digit Nos :** 14, 17, 24, 25, 38, 59, 64, 74, 85, 93.

**3 Digit Nos :** 134, 257, 264, 397, 427, 561, 569, 693, 754, 825, 852, 923, 948

**4 Digit Nos :** 1325, 2316, 3452, 3654, 3912, 5496, 5684, 6197, 7257, 8237, 8326, 9154,

**5 Digit Nos :** 12753, 15648, 24835, 43786, 49672, 59471, 62349, 82543

**6 Digit Nos :** 172856, 219536, 267543, 352739, 452738



# નુતન શ્રી પાર્શ્વ અતિથિગૃહ ઉદઘાટન

## દાતાઓને નમ્ર નિવેદન

ગદગ મધે રવિવાર તા. ૨.૨.૧૪ના સંઘના ભાઈ - બહેનોની હાજરીમાં શ્રી ક.દ.ઓ. જૈન મહાજનશ્રીના પ્રમુખશ્રી દ્વારા **નુતન પાર્શ્વ અતિથિગૃહ**નું ઉદઘાટન કરવામાં આવેલ.

અતિથિગૃહમાં ૯ રૂમ, ૧ ઓફીસ રૂમ, ૨ ડોરમેટરી તથા નાસ્તા/જમણ માટે પરસાળની વ્યવસ્થા છે.

**દરેક રૂમમાં આધુનિક સગવડો તથા અનુકુળતાઓ ઉપલબ્ધ છે:**

- દરેક રૂમમાં એ.સી (એરકન્ડીશન્ડ)
- લાકડાના ડબલ બેડ/સીંગલ બે બેડ
- પડદાવાળી બારીઓ
- અલગ વોશ બેસીન - ૩'X૨.૫' ની સાઈજનાં મોટા અરીસા સાથે
- ગરમ પાણીની વ્યવસ્થા - (સોલાર સીસ્ટમ)
- દરેક બાથ રૂમમાં એડ જેસ્ટેબલ શાવરની વ્યવસ્થા
- ડ્રેસીંગ ટેબલ લાકડાનો કબાટ હેંગર સાથે
- સ્વચ્છ વાતાવરણ સાથે સુંદર લોબી
- જમણવાર તથા કાર્યક્રમ માટે એજ પરિસરમાં હોલ
- પુજા - દર્શન - વંદન માટે બાજુમાં જ દેરાસરની અનુકૂળતા.

સાથે આપેલ ફોટા ઉપરથી રૂમ બાબતનો ખ્યાલ આવશે. આવી આધુનિક વ્યવસ્થા સાથે રૂમો ઉપયોગ માટે ઉપલબ્ધ છે.

દરેક રૂમ ઉપર દાતાઓનું નામ આપવાનું નક્કી કરવામાં આવેલ છે. રૂમ ઉપર નામ લખવાનાં નકરા નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

**રૂમ ઉપર નામ: રૂા. ૧,૫૧,૦૦૦**

**ડોર મેટરી ઉપર નામ : ૨,૦૦,૦૦૦**

**જમવાની પરસાળમાં નામ : ૨,૫૧,૦૦૦**

આથી દાતાઓને વિનંતી કરવામાં આવે છે કે સદર રૂમો ઉપર પોતાનું નામ આપી આ કાયમી લાભ લેવા નમ્ર વિનંતી. આપનું નામ કાયમી રહેશે.

**લિ. શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ગદગ**

**નવીનચંદ્ર શામજી લાલકા**
**(પ્રમુખ)**

**સતિશ પ્રવિણચંદ્ર લુઠીયા**
**(સેક્રેટરી)**








પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ વડોદરા

મહાસુદ ૩ રવીવાર તા. ૨.૨.૧૪ના રોજે શ્રી વિમલનાથ જન્મ કલ્યાણ નિમિત્તે સવારના સ્નાત્ર પૂજા રાખવામાં આવેલ. સવારથી સાંજ સુધી એક - અકે કલાકના અંખંડ જાપ રાખવામાં આવેલ.

રાતના શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંડળ આયોજીત ધાર્મિક સ્તવન હરિફાઈ ગ્રુપ પ્રમાણે રાખવામાં આવેલ.

૧. ગ્રુપ કુ. ડીમ્પલ કમલેશ નાગડા પ્રથમ ક્રમાંકે, ૨. કુ. સિદ્ધિનરેન્દ્ર મોમાયા બીજે ક્રમાંકે, શ્રીમતી ઈન્દીરાબેન ધનજી છેડા પ્રથમ ક્રમાકે, શ્રીમતી કુસમબેન નરેન્દ્ર મોમાયા બીજે ક્રમાકે, શ્રી જંયત વેલજી પેટલ પ્રથમ ક્રમાંકે, શ્રી નરેન્દ્ર દામજી મોમાયા બીજે ક્રમાંકે, શ્રી સોમચંદ શામજી મોમાયા ત્રીજે ક્રમાંકે

હરીફાઈ બાદ કુમારપાળરાજાની ૧૦૮ દીવાની મહાઆરતી કરવામાં આવેલ.

શ્રી વિમલનાથ જન્મ કલ્યાણ નિમિત્તે દરેક દર્શનાર્થીઓને પેંડાની પ્રભાવના તથા જાપ કરનારા ભાગ્યશાલીઓને ભાતું રાખવામાં આવેલ.

આખા દિવસના સમગ્ર અનુષ્ઠાનના ભાગ્યશાલીદાતા થવાનો લાભ માતુશ્રી નિર્મલાબેન કુંવરજી લાલકા પરિવારે લીધેલ. સંઘના સભ્યોએ ઉત્સાહથી ભાગ લિધેલ.

## અંકલેશ્વર જી.આઈ.ડી.સી. નગરે ૨૭મો ધ્વજારોહણ કાર્યક્રમ

અત્રે પોષ વદ બીજ શુક્રવાર તા. ૧૭.૦૧.૨૦૧૪ના શુભ દિવસે ૨૭માં ધ્વજારોહણ નિમિત્તે શ્રી સત્તરભેદી પુજા તથા શ્રી અઢાર અભિષેક પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. ધ્વજારોહણની ઉછામણીનો લાભ ૫૪૫૪ મણમાં મણીબાઈ શામજી લોડાયા હસ્તે રમેશભાઈએ લીધેલ. બપોરના ૧૨.૩૯ મિનિટે દાદાના શિખરે પ્રભાવિક મંત્રો, શ્લોકોના પાઠ, માંગલીક સ્તોત્રો, શરણાઈના સુર, ઢોલના પડઘમ અને સંગીતની સુરાવલીઓ સથવારે ભક્તિના માહોલમાં ભાગ્યશાલી પરિવાર દ્વારા ધ્વજા ચઢાવવામાં આવી. વિધી વિધાન તથા સંગીત માટે કેશવજી ધારશી ગડાની મંડળી પધારેલ. શ્રી સંઘ તરફથી સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ.

## જખૌ મહાજન સ્નેહમિલન

જખૌ મહાજનનું સ્નેહમિલન ૨૨ ડીસેમ્બરનાં ભાંડુપ ખાતે ધામ ધુમથી ઉજવાયું. સમારંભ પ્રમુખ શ્રી જયરાજભાઈ કાયાણી તથા અતિથી વિશેષ શ્રી પિયુષભાઈ નાગડાએ પ્રોગ્રામની શોભા વધારી હતી. જખૌ ગામનું ગૌરવ વધારનાર શ્રીમતી ખ્યાતીબેન ધરમશી, શ્રીમતી ચેતનાબેન મોમાયા, ડો. રાહુલ નાગડાનું વ્યક્તિ વિશેષ રૂપે બહુમાન કરવામાં આવેલ. નાના બાળકોએ સરસ સાંસ્કૃતિક ડાંસ પ્રોગ્રામ આપેલ.

જખૌ મહાજન પ્રમુખ શ્રી ભરતભાઈ જીવાણીએ બધાને હર્ષભેર આવકાર્યા હતા. છેલ્લા બે વર્ષથી પંચતિર્થીમાં જખૌ પ્રથમ નંબરે આવી રહ્યું છે. જેનો સંપૂર્ણ શ્રેય તેમની ટીમ તથા દાતાશ્રીઓ, તથા ખાસ નિયાણી બહેનોને આપ્યો હતો. છેલ્લા બે વર્ષમાં તિર્થમાં રૂા. ૨૦ લાખની આવક મહાજનના પ્રયત્નોથી થઈ છે. જે જખૌના ઈતિહાસમાં રેકોર્ડ છે.

સ્થાનિકે દવાખાનું, કોમ્પ્યુટર ક્લાસ મહાજન હસ્તક ચાલુ કરવાના પ્રયત્ન ચાલુ છે. આ વર્ષે જખૌ પર્યુષણની વ્હીડીઓ અને ડીવીડી બનાવી એક નવું નજરાણું આપે છે. ડીવીડી અને સવિસ્તાર પત્રિકાથી ગામમાં વધારે જાગૃતિ આવશે એવી ધારણા તેમણે વ્યક્ત કરી હતી.

ભરત જીવાણીએ કચ્છમાં આપણી વસતી ઘટતી જવાથી આપણી જે પણ મીલકતો છે તેની જાળવણી બાબત ચિંતા વ્યક્ત કરી ઉચિત કરવા વિચારણા કરવા માટે હાકલ કરી હતી.

## મોટી સિધોંડી ગામમાં ધણીબાવાનો ધજા સમારોહ

મોટી સિધોડી ગામમાં આવેલા ધણીબાવાના મંદિરનો બીજો ધજા સમારોહ સોમવાર તા. ૨૧.૪.૨૦૧૪ના ચૈત્ર સુદ સાતમના યોજાશે.

જે પણ ભાઈ અને બહેનને આવવાની ઈચ્છા હોય તેમનો ગૌતમ મૌશેરીનો મો. નં. 9322255900 પર સંપર્ક કરવો.

## શ્રી અનંતમિત્ર મંડળ - ભાંડુપનો ૧૦ મો પ્રવાસ

અનંતમિત્ર મંડળ - ભાંડુપના નેજા હેઠળ ગુજરાતના તિર્થોના પ્રવાસે જવા. ગુરૂવાર તા. ૧૬.૦૧.૨૦૧૪ના રાત્રે ૫૦ કે.ડી.ઓ. બોમ્બે સેન્ટ્રલથી બરોડા એકસપ્રેસ દ્વારા નિકળ્યા. તા. ૧૭.૦૧.૧૪ સવારના વડોદરાથી બસમાં ઓમકાર તીર્થે સ્નાન - નવકારશી કરી પાવાગઢ પહોંચ્યા. જીપો ને રોપવેમાં ઉપર પહોંચી શ્રી મહાકાલી માના દર્શન કરી નીચે જૈન દેરાસરે દર્શન શ્રી મણિભદ્ર દાદાને સુખડી ચડાવી ભોજન કરી બસથી માતર તીર્થે મહાકાળીમા જેના અધિષ્ઠાયિકા દેવી છે એવા સાચા સુમતિનાથને સમૂહ ચૈત્યવંદન કરી ચા-પાણી વાપરી શંખેશ્વર તીર્થે પહોંચી ચોવિહાર કરી ૧૦૮ પાર્શ્વનાથ તીર્થે રાત્રી રોકાણ કર્યું.

તા. ૧૮.૦૧.૧૪ વહેલી સવારે શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથ તથા ૧૦૮ પાર્શ્વનાથ તીર્થે વાસક્ષેપ પૂજા કરી, શંખેશ્વરના બીજા તીર્થો આગમ મંદિર, પાવાપુરી, પદમાવતી, કલાપૂર્ણ સમાધિ, હાલાર તીર્થ દર્શન વંદન કર્યા. બહુચરાજી, મોઢેરા - સૂર્યમંદિર, રાતેજ તીર્થ, ભોયણી તીર્થે દર્શન - ચોવિહાર કરી, સેરીસા તીર્થ દર્શન, પાનસર તીર્થે રાત્રી રોકાણ દરમિયાન ભાવના, રાસ - ગરબા, ખો-ખો રમ્યા...

તા. ૧૯.૦૧.૧૪ રવિવારે પાનસર તીર્થે સેવાપૂજા - સમૂહ અષ્ટપ્રકારી પૂજા, ચૈત્યવંદન, નવકારશી કરી બોરીઝ તીર્થે દર્શન - ભોજન કરી સામેજ સ્વામિનારાયણ અક્ષરધામમાં દર્શન, ગેમો, ગાર્ડનમાં ફર્યા.... ત્યાંથી સીધા વડોદરા કેડીઓ સોસાયટી ચોવહિાર કરી, સગા - સબંધીઓને મળ્યા.... આભારવિધિ કરી વડોદરા એકસપ્રેસ દ્વારા. ૨૦.૦૧.૨૦૧૪ સોમવાર સવારના ભાંડુપ આદિનાથના દર્શન કરી જય બોલાવી..

શ્રી મહાકાળી માની મહેરને બધાના સાથ - સહકારથી સુખરુપ આનંદદાયી પ્રવાસ નિમિત્તે પ્રવાસીઓ તરફથી શ્રી મહાકાળી માની ભક્તિ - ભાવના તથા નિબંધ લખનારને ઈનામ આપવાનો સમારોહ તા. ૧૫.૨.૧૪ શનિવાર રાત્રે નૂતન હોલ અનંતસિદ્ધિ ભાંડુપ ખાતે યોજાયો.

## પાલીતાણાના શેઠ નરશીનાથા ધર્મશાળા જિનાલયની વર્ષગાંઠ

શેઠ નરશીનાથા ધર્મશાળા જિનાલયની વર્ષગાંઠે તા. ૦૪.૦૨.૧૪ને વસંત પંચમીના પ.પુ. સાધ્વી ભગવંતો તથા ભાવિકોની સારી હાજરી હતી.

જિનાલયની ધ્વજાનો આદેશ પ.પૂ. સાધ્વી શ્રી વસંતપ્રભાશ્રી મ.સા.ના. શિષ્યા પૂ. સાધ્વી જિનપ્રભાશ્રીજી મ.સા.ની દીક્ષા તિથી પ્રસંગે ચિ. રિદ્ધિ - સિદ્ધિ સંજયકુમાર ગંગર એ લાભ લીધેલ.

આરતી મંગલ દીવાનો લાભ રવિન્દ્ર કુમાર મોહનલાલ શાહ, જામનગરે તથા શાંતિ કળશનો લાભ રેખાબેન તથા ભારતી પ્રદિપ વોરા, રંગપુર - અમદાવાદે લીધેલ.

કાયમી સ્વામી વાત્સલ્યના દાતા અ.સૌ. દેવિકાબેન સોમચંદ લાલજી લાલકા - વારાપધર - અમલાનોર વાળા તરફથી પૂ. ચન્દ્રપ્રભસ્વામીશ્રીજીને આંગી ચિ. ફોરમ તથા ચિ. મિહિર નીલેશકુમાર માલદે - દલતુંગી - વડોદરાએ લાભ લિધેલ.

## શ્રી લાલા તિર્થે ધ્વજારોહણ ઉત્સવ

શ્રી લાલા તિર્થે શ્રી ચંદ્રપ્રભુજી જીનાલયે તા. ૪.૨.૧૪ મંગળવાર વસંતપંચમીના શુભ દિને ધ્વજારોહણ ઉત્સવ બહુજ ઉમંગથી ઉજવાયો. આ મંગલ પ્રસંગે લાલાવાસીઓ સારી સંખ્યામાં પધારેલ. મુંબઈથી ટ્રસ્ટીશ્રી સુર્યકાન્ત હીરજી દંડ ઉપસ્થિત રહેલ. સાધર્મિક ભક્તિનો લાભ માતુશ્રી મણીબાઈ હીરજી ખીમરાજ દંડ પરિવારે લીધેલ. પ્રભાવનાના લાભાર્થિ શ્રીમતી લતા સુર્યકાન્ત દંડ, શ્રી રાજુભાઈ હિરાચંદ મોમાયા તથા શ્રી માણેક ઉમરશી મૈશેરી હતા.

## અભિનંદન

## શ્રી રાયચંદ દેવશી જીવાણી - જખૌ



અમારા વેવાઈ શ્રી રાયચંદ દેવશી જીવાણી
મુંબઈની માતબર સંસ્થા શ્રી ક.દ.ઓ.
મંડળ - ડોંબિવલીના પ્રમુખપદે ચુંટાયા છે,
તે બદલ અમે ગૌરવની લાગણી અનુભવીએ છીએ.
એમને સમાજીક/ ધાર્મિક ક્ષેત્રે આપેલ અનેરૂં
યોગદાન પ્રસંશનીય છે.
એમની સર્વે ક્ષેત્રે આવીજ પ્રગતિ
થાય એવી અમારી હાર્દિક શુભેચ્છા
અને ખુબ-ખુબ અભિનંદન.

-: શુભેચ્છક :-

અ.સૌ. નલિની કિશોર મુલજી લાલકા (લાલા- અમદાવાદ)
અ.સૌ. પ્રેમિલા કાંતિલાલ કલ્યાણજી નાગડા (તેરા-ગાંધીધામ)

## હાર્દિક શુભેચ્છા....



**શ્રી રાયચંદ દેવશી જીવાણી** (જખૌ- ડોંબિવલી)

શ્રી રાયચંદ દેવશી જીવાણી શ્રી ક.દ.ઓ મંડળ ડોંબિવલીના પ્રમુખ પદે (૨૦૧૪-૧૭) ચુંટાયાછે, એ અમારા કુંટુબ માટે ગૌરવ છે. એ ઉચ્ચ હોદો મેળવા માટે અમણે હાર્દિક અભિનંદન. એમની સામાજિક / ધાર્મિક / શૈક્ષણિક સેવા, નેતૃત્વ અને યોગદાન ઉત્તરોત્તર વધતાંજ રહે એવા અંતરના આશિર્વાદ સાથે....

-:શુભેચ્છક:-

શ્રીમતી ખેતબાઈ ખેતશી દેવજી મોતા પરિવાર (ડોંબિવલી)
શ્રીમતી ગુણવંતી દેવશી ખીયરાજ જીવાણી પરિવાર (ડોંબિવલી)
શ્રીમતી સ્નેહલતા મણિલાલ ડુંગરશી લોડાયા પરિવાર (સોલાપુર)
શ્રીમતી રિમલ શોભાચંદ્ર કુંદનમલ ગોરા પરિવાર (અમદનગર)


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

TAN MAN® TOURS & TRAVELS

9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com


શ્રી ક.દ.ઓ. મંડળ - ડોંબિવલીના કારોબારી સભ્યોએ હળી - મળીને કામ કરવાનો નિર્ણય કર્યો અને સનિષ્ઠ આગેવાનોને પદાધિકારી પદે નિયુક્ત કર્યા એ બદલ તેમની ખુબ-ખુબ ધન્યવાદ, નિમાયેલા પદાધિકારીઓને અભિનંદન!

- તન-મન પરિવાર


શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

ABDASA (KACHCHH) GAUSHALA TRUST
(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)
C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

|| જય ચકેશ્વરી માતા || || નમો નમઃ શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમઃ || || જય પદ્માવતી માતા ||

શ્રી આર્યરક્ષિત-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગરસૂરી-સદ્‌ગુરુભ્યો નમઃ

# રંગપુર નગરે ભાવભર્યું આમંત્રણ



## ત્રિહાન્હિકા મહોત્સવ

## સિલ્વર જ્યુબીલી વર્ષના ૨૫મી ધ્વજારોહણ અને મુળનાયકના પરિકરની પ્રતિષ્ઠા

**શુભ દિવસઃ વિ.સં. ૨૦૭૦ વૈશાખ સુદ ૧૦ શુક્રવાર, તા. ૯ મે ૨૦૧૪ થી વૈશાખ સુદ ૧૨, રવિવાર, તા. ૧૧ મે ૨૦૧૪**

❖ મનભાવન નિશ્રા ❖

**અચલગચ્છાધિપતિના આજ્ઞાવર્તિની રંગપુર સંઘવત્સલ્ય પરમ પૂજ્ય સાધ્વી**
**શ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા. તથા પરમ પૂજ્ય સાધ્વી શ્રી કોટીગુણાશ્રીજી મ.સા.**

### ત્રિહાન્હિકા મહોત્સવના માંગલિક પ્રસંગો

**વિ. સં. ૨૦૭૦ વૈશાખ સુદ ૧૦ શુક્રવાર, તા. ૯ મે, ૨૦૧૪**

**સવારના ૭.૦૦ કલાકે :** પૂજ્ય ગુરૂ ભગવંતનો નગર પ્રવેશ અને સામૈયું.

**સવારના ૯.૦૦ કલાકે :** પૂ. ગુરૂ ભગવંતનું માંગલિક, કુંભ સ્થાપના, દીપક સ્થાપના, જ્વારા રોપણ, શ્રી નવગ્રહ - દસ દિક્પાલ - અષ્ટમંગલ - પાટલા પૂજન (આ સર્વે લાભોની ઉછામણી ગુરુવારે, રાતના ૯.૦૦ ક. ભાવનામાં બોલાવવામાં આવશે.)

**બપોરના ૩.૦૦ કલાકે :** શ્રી અઢાર અભિષેક • **રાતના ૯.૦૦ કલાકેઃ** સંગીતમય ભાવના

**વિ. સં. ૨૦૭૦ વૈશાખ સુદ ૧૧ શનિવાર, તા. ૧૦ મે, ૨૦૧૪**

**સવારના ૮.૧૫ કલાકે :** શુભમુહુર્તે મુળનાયક શ્રી ભીડભંજન પાર્શ્વનાથ ના પરિકરની તેમજ પાંચ ભગવાનના ભામંડલની પ્રતિષ્ઠા લાભાર્થી પરિવારો દ્વારા ત્યારબાદ સત્તરભેદી મહાપુજન તેમજ ધ્વજા રોહણ લાભાર્થી પરિવારો દ્વારા • **રાતના ૮.૩૦ કલાકેઃ** સંગીતમય ભાવના

**વિ. સં. ૨૦૭૦ વૈશાખ સુદ ૧૨ રવિવાર, તા. ૧૧ મે, ૨૦૧૪**

**સવારના ૯.૧૫ કલાકે :** શાંતી સ્નાત્ર પૂજા

**બપોરના ૩.૩૦ કલાકે :** પરમ પૂજ્ય ગુરૂ ભગવંતનું પ્રવચન, વિવિધ લાભાર્થી પરિવારોનું બહુમાન, અતિથિગૃહના રૂમના દાતા પરિવારોનું બહુમાન, આગામી ચાતુર્માસની રૂપરેખા અને તૈયારી માટે સામાન્ય સભા

**રાતના ૮.૩૦ કલાકે :** સંગીતમય ભાવના

### ★★★ અંજનશલાકા ★★★

શ્રી ભીડભંજન દાદાના પરિકરની અંજનશલાકા કચ્છ દેઢીયા નગરે, નૂતન જીનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે તા. ૨૭-૨-૨૦૧૪ ના સાહિત્ય દિવાકર, સરળ સ્વભાવી, મોડપર તીર્થ જીર્ણોધ્ધાર પ્રેરક પરમ પૂજ્ય આચાર્ય ભગવંત **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** ના હસ્તે કરવામાં આવશે. સંપૂર્ણ કાર્યક્રમ તા. ૨૨-૦૨-૨૦૧૪ થી તા. ૨૮-૦૨-૨૦૧૪ દેઢિયા - કચ્છ મુકામે છે.

પાંચ ભગવાનના ભામંડલને આચાર્ય ભગવંત દ્વારા વાસક્ષેપ છાંટી શુધ્ધ કરવામાં આવશે.

### ..... નિમંત્રણ .....

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના રંગપુરવાસી ભાઈ-બહેનો, નિયાણી બહેનોના પરિવારજનો તેમજ ક.દ.ઓ. જ્ઞાતિના સર્વે સગા વહાલા, પરિવારજનો અને આમંત્રિત મહેમાનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

રેલ્વે રીઝર્વેશન ૨ મહિના પહેલા થાય છે માટે ૭ માર્ચ, ૨૦૧૪ ના તા. ૭ મે, ૨૦૧૪ની ટીકીટ કઢાવવા **શ્રી નિતીનભાઈ ધરમશી - મો.: ૯૮૯૨૯૫૦૮૧૪** સંપર્ક કરવો અથવા જાતે ટીકીટ કઢાવી જરૂરથી પધારશો.

❖ નિમંત્રક ❖

**શ્રી રંગપુર ક.દ.ઓ. જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસરજી અને મહાજનવાડી ટ્રસ્ટ વતી**

**બીપીન પાશ્વીર નાગડા - સેક્રેટરી**

UPASANA - 9820167767

## વાર્તા: પવિત્ર લોહી છેલ્લા પાનાથી ચાલુ

હું એટલો નાનો હતો કે એના સવાલનો જવાબ તો મને આવડયો નહીં. મેં સામે એનો એ જ સવાલ પૂછયો, ક્યાંથી લાવીશું મા?

ક્યાંથી તે જાદુથી વળી! માએ હસતાં હસતાં કહ્યું ને ઘરમાં પડેલી નાનકડી લાકડી હાથમાં પકડીને ગોળગોળ ઘુમાવતાં એ બોલી, હું કહીશ, સીનસીનાકી બબલા બૂ, સાત પૈસા આપીને થા છૂ.

આવું ધડ-માથા વગરનું બોલતી વખતે માના ચહેરા પરના હાવ ભાવ જોઈને મને એટલું હસવું આવતું કે ન પૂછો વાત!

મેં પૂછયું. "મા, સાત પૈસા શેને માટે જોઈએ છે?"

એણે ખૂણામાં પડેલાં મેલાં કપડાં બતાવીને કહ્યું. "આ બિચારાં કેટલા દિવસથી નાયા નથી. એ મને કહે છે કે, ભલે ફાટેલાં તો ફાટેલાં પણ તું એમને ધોતો ખરી?" પછી એમાંથી તેલના ધાબાવાળું પિતાજીનું શર્ટ ઉપાડીને મારા નાક આગળ ધરીને કહે, "જો, આમાંથી અત્તરની સુંગધ આવે છે ને?"

મેં કહ્યું, "છી!"

મા હસી પડી. કહે, "પિતાજી પાસે કાલે મજૂરીએ જતી વખતે પહેરવા આના સિવાય બીજું શર્ટ નથી. સુર્યાસ્ત પહેલાં જો સાત પૈસા મળી જાય તો સાબુની ગોટી લાવી શકું. બીજું કઈ નહીં તો શર્ટ તો ધોઈ નાખું! ચલ ભઈલા, આપણે બેઉ મળીને ઘરમાં છુપાઈ ગયેલા સાત પૈસાને શોધી કાઢીએ. "

મને મા સાથે આ શોધ - ખોળની રમત રમવાની બહુ મજા પડતી હતી. સીવવાના મશીન પર કપડાં સીવીને મા થોડા - ઘણા પૈસા ભેગા કરતી એટલે સૌથી પહેલાં અમે મશીનનાં ખાનાઓની તપાસ આદરી. જુદાં જુદા ખાનાંઓમાંથી ત્રણ પૈસા તો મળી ગયા, પણ ચોથો ક્યાંયથી હાથમાં આવતો નહોતો. માએ સોય, બટન, કાતર, દોરાની રીલ બધું ભરેલું ખાનું જમીન પર ઊંધુ વાળી દીધું ને મને ખોળામાં બેસાડી, ખાના પર હળવેથી હાથ ફેરવતાં ગાવા લાગી, "પૈસા, પૈસા, તું મારો ભાઈ, તારે ને મારે ઘણી સગાઈ, આવી જા, આવીજા, જાદુમંતર છૂ, તને બોલાવું છું."

ઉત્સુકતાથી હું ખાનાને હાથ લગાડવા ગયો ત્યાં મા એકાએક બોલી ઊઠી, "ઊભો રહે, ઊભો રહે, બહુ સાવચેતી રાખવી પડશે. નહીંતર હમણાં ઊડી જશે. કેવી રીતે ખબર છે? પાંખો ફફડાવીને, ફરરરર....કરતો." એણે બેઉ હાથથી ઊડતાં પક્ષીનો અભિનય કર્યો ને અમે બંને ખુબ હસ્યાં.

રસોડામાં જઈને વાસણો ઊંચાં -નીચાં કર્યાં, મસાલાના ડબ્બામાં જોયું, પાણીના માટલામાં હાથ નાખીને જોયું. દરેક વખતે અમે એકબીજા સામે અંગુઠો હલાવીને નથી એવો ઈશારો કરીને હસી પડતાં. એક પૈસો અભરાઈ પરથી, એક મેં બરફગોળો લેવા માટે સંતાડેલો એ અને બીજો એક માના જૂના બ્લાઉઝના ખીસામાંથી એમ બધું મળીને છહ પૈસા તો થયા પણ હવે બાકીનો એક ક્યાંયથી પણ મળવાની શક્યતા નહોતી.

એટલામાં ઘરની બહારથી અવાજ આવ્યો, "એક પૈસો આપ મૈયા, ભગવાન તારું ભલું કરશે."

ભિખારી સામે જોઈ મા સાડલાનો છેડો મોંમાં ખોસીને હસવા લાગી, "તમે ય ખરા વખતે આવ્યા ચાચા! તમારે શું, મારે ય એક પૈસાની જરૂર છે. હવે કોણ કોને આપે બોલો!"

ભિખારી ચાચા ગંભીર થઈને કહેવા લાગ્યા, "તને એક જ પૈસો જોઈએ છે દીકરી? મારી પાસે માત્ર એક જ છે. આ એક પૈસાનું હું શું કરવાનો? એના કરતાં તને કામ લાગશે. લે, લઈ લેતું."

મા જોરજોરથી હસવા લાગી એની આંખો આંસુથી ભરાઈ ગઈ. આંસુ લૂછતાં ને હસતાં જતાં એણે કહ્યું, "જોયું ને ચાચા? હવે આ દિવસ આવ્યો છે, ભિખારી પાસે ભીખ માંગવાનો."

ચાચાએ પરાણે આપેલો પૈસા પેલા છ પૈસા સાથે મૂકીને એ કહેવા લાગી, "હવે આ સાત પૈસાનું શું કરવું, બોલો મુન્નાભાઈ! સૂર્યાસ્ત થઈ ગયો છે. અધારું છે અને દીવામાં તેલ સુધ્ધાં નથી."

ને પછી સાત પૈસા આમતેમ ગબડાવતાં એ એટલું હસી કે એનો શ્વાસ રુંધાવા લાગ્યો. એ પડી જતી હતી, મેં એને પકડી લીધી. કશુંક છલકાઈને મારા હાથ પર પડયું. એ હતું દારુણ ગરીબીમાં ય હસી જાણનાર મારી માનું પવિત્ર લોહી.

## નવા/બદલાયેલા સરનામા– (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **શ્રીમતી ઉષા દિનેશ શાહ** | ઈ, ૭૦૪, મયુરેશ સૃષ્ટી, એલ.બી.એસ.માર્ગ, એશીયન પેઈન્ટસ સામે, ભાંડુપ વેસ્ટ, મું-૭૮ |
| **મહેશ ચત્રભુજ લોડાયા** | ફ્લેટ નં. ૧૦૩, શિવ ઓમ રેસિડેન્સી, બચપન સ્કુલ સામે, ઈન્દીરા ગાંધી ના પુતળા પાસે, ૧૦૦ ફુટ રોડ, આણંદ, ગુજરાત ૩૮૮૦૦૧ |
| **દિપક પી. લોડાયા** | પદમશ્રી, ૭ રાજા નગર, ૨જી સ્ટ્રીટ, સોવરીપાલાયમ, પોસ્ટ, કોઈમ્બતુર ૬૪૧૦૨૮ |
| **પ્રિન્સ શાહ** | બી-૧૦૦૩, નાગારર્જુન પ્રિમિયર, જે.પી.નગર, ૬ઠ્ઠો ફેઝ, સાર્કિસિગ્નલ પાસે, આય.સી.આય.સી.આય. અને એક્સિસ બેંક સામે, બેંગલોર, કર્નાટક - ૫૬૦૦૭૮ |
| | ૬૦૧, સુમથી અપાર્ટમેન્ટ, સંભવ કો.ઓ.હા.સો., સર્વોદય નગર, મુલુંડ વેસ્ટ મુંબઈ - ૮૦ |
| **સુભાષ કે. લોડાયા** | લોઢા હેવન, ડી-૨૦૧, મોતિરામ ઈમપ્રિઅલ, નિળજે ગાવ, ડોંબિવલી પુર્વ |
| **કમલ મહેન્દ્ર પદમશી લોડાયા** / **જિજ્ઞા મહેન્દ્ર પદમશી લોડાયા** | એકવીરા સદન, (ન્યુ નલિની કોટેજ), રૂમ. નં. ૫, ગ્રાઉન્ડ ફ્લોર, એન.એસ.રોડ, કમલા નેહરુ શોપિંગ સેન્ટરની સામે, એક્સ દુકાનની બાજુમાં મુલુંડ વેસ્ટ - |

## નવા/બદલાયેલા ફોન નંબર

| | | | |
|---|---|---|---|
| **શ્રીમતી ઉષા દિનેશ શાહ** | 09320115689 | **મહેશ ચત્રભુજ લોડાયા** | 09825736050 |
| **મહેન્દ્ર વી. લોડાયા** | 022-25688685 | **લેખા મહેશ લોડાયા** | 08980212762 |
| **કમલ મહેન્દ્ર લોડાયા** | 09820722816 | **જિજ્ઞા મહેન્દ્ર લોડાયા** | 09867475959 |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪.૧૨.૧૩ | અમદાવાદ | તિયા-ભક્તિ/રુપેન રાજેન્દ્ર વિકમશી | વરાડીયા | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨.૦૨.૧૪ | વડોદરા | પ્રશાંત રમેશચંદ્ર માણેકજી ખોના | જખૌ | ૨૯ |
| | બાંડીયા | પ્રિતી જવેરચંદ નરશી નાગડા | પરજાઉ | ૨૫ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮.૦૧.૧૪ | મુલુન્ડ | દિપક હેમેન્દ્ર વિસનજી લોડાયા | બાંઢીયા | ૨૮ |
| | ભાંડુપ | પુર્વી રોજેન્દ્ર વાલજી ગોસર | ગોએરસમા | ૨૫ |

### આંતર જ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૦૧.૧૪ | મુંબઈ | ભાવિન મનસુખલાલ શાહ | માંડવી | ૩૦ |
| | અમદાવાદ | આરતી લલીલ રાયચંદ ખોના | સાંધવ | ૨૭ |
| ૦૩.૦૨.૧૪ | ભાંડુપ | મનિષ દિલીપ ઉમરશી મૈશેરી | સાંધાણ | - |
| | ઉલ્હાસનગર | પિંકી પ્રહલાદ મન્નાલાલ શર્મા | લખનઉ | - |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨.૦૨.૧૪ | અમદાવાદ | નવિનચદ્ર ભવાનજી પુંજા મૈશેરી | કુવાપધર | ૫૭ |
| ૧૬.૦૨.૧૪ | નાંદેડ | પ્રેમચંદ પદમશી દેવજી મોતા | તેરા | ૭૪ |
| ૧૯.૦૨.૧૪ | હુબલી | નવિનચંદ માણેકજી નાગશી પોલડીયા | બાયંઠ | ૭૩ |
| ૧૯.૦૨.૧૪ | ઔરંગાબાદ | નિર્મલા પાશ્વીર ગાંગજી ધરમશી | રંગપુર | ૬૯ |
| ૧૯.૦૨.૧૪ | તેરા | લક્ષ્મીબાઈ ડુંગરશી ખીંયશી મૈશેરી | લાલા | ૮૪ |

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 | day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.



# પવિત્ર લોહી

**- આશા વીરેન્દ્ર**

(**ઝિગમોન્ડ મોરિત્સ**ની હંગેરિયન વાર્તાને આધારે)
**ભુમિપુત્ર** માંથી સાભાર

તમે શું એમ માનો છો કે, ગરીબોનાં ઝુંપડાંમા હંમેશા નિઃસાસા અને ડુસકાંના જ અવાજ સંભળાતા હોય છે? જો તમારી માન્યતા એવી હોય કે, નિર્ધન અને દુઃખી લોકો હસી નથી શકતા, તો તમારી ભૂલ થાય છે. વાત ભલે ઘણાં, એટલે કે લગભગ સિતોરેક વર્ષ પહેલાંની હોય પણ સા....વ. સાચી છે.

મારા પિતાજી ઘણી મહેનત કરતા પણ બે ટંક ખાવા અમને ભાગ્યે જ મળતું. ગરીબી એટલી કે, કદાચ અમારાથી વધુ ગરીબ આસપાસનાં ઝૂંપડાંઓમાં કોઈ નહીં હોય, પણ તો યે મારા બાળપણના દિવસોમાં હું જેટલું હસ્યો છું એટલું આખી જિંદગીમાં નથી હસ્યો. ક્યાંથી હસું ? સદા હસ્તી ને હસાવતી મારી મા મને પાંચ-છ વર્ષનો મૂકીને ચાલી ગઈ હતી ને ?

માનું હાસ્ય એવું ચેપી હતું કે, એને હસતી જોઈને મને ઘણીવાર કંઈ સમજ્યા વગર પણ હસવું આવી જતું. ગમે તેવા કપરા સંજોગોમાં ય એ કેવી રીતે ખડખડાટ હસી શકતી એ મને આજે પંચોતેર વર્ષે યે નથી સમજાયું. બની શકે કે જ્યારે રડ્યા વગર નહીં જ રહેવાય એવું લાગે ત્યારે એ જોરજોરથી હસવા લાગતી હશે. ક્યારેક હસતા વળી ગાતી ય ખરી,

શીખંડ, પૂરી ને ખાજા,
ખાઈનો થાવ તાજામાજા,
તમે રહેજો મુન્નાભાઈ સાજા,
ઘરમાં પૈસા ભર્યા છે ઝાઝા.

આવું કંઈક ગાઈને મને ગલીપચી કરતાં એ એટલું હસતી કે એના ધોળી પૂણી જેવા ફિક્કા ગાલ લાલ થઈ જતા, જાણે બંને ગાલ પર લાલ ગુલાબ ન ચોંટાડી દીધાં હોય! આટલું બધું હસવાથી એની આંખમાંથી પાણી નીકળવા માંડતાં ને સાથે સાથે ખુબ ઉધરસ પણ ચઢતી. છાતી ધમણની જેમ ઊંચી - નીચી થવા લગતી તો ય એ હસવાનું ન છોડતી. જુઓને, તે દિવસની જ વાત કરું. મા મને કહે, મુન્નભાઈ, આજે સાત પૈસાની જરૂર પડવાની છે. ક્યાંથી લાવીશું ?

- અનુસંધાન ૨૨મા પાને

શુભેચ્છાસહ.....
**શીતલ કોટન ટ્રેડર્સ**
શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઈમ્બતુર)

To,

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**, C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS**, 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**